ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત


RNI NO. : GUJGUJ/2016/67425

01
DECEMBER, 2025
MONDAY



પેજ 2  બાલાસીનોરની જીઆઈડીસી રામભરોસે

પેજ 3  અનમોલ બિશ્નોઇને પાક. ગેંગસ્ટરથી ખતરો

પેજ 7  ડાંગમાં દબાણકર્તાઓએ દબાણો જાતે દૂર કર્યા

પેજ 5 ઇઝરાયલી પીએમ નેતન્યાહૂએ રાષ્ટ્રપતિને 'માફી વિનંતી' સુપરત કરી

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 256 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com

### એફઆઈઆરમાં કોંગ્રેસનાં પ્રથમ પરિવારે વ્યકિતગત લાભ માટે પોતાના પદનો દુરુપયોગ કર્યો હોવાનો આરોપ

# નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા -રાહુલ સામે નવી FIR

### આ કેસ બોગસ છે,અંતે ન્યાયનો વિજય થશે, મોદી-શાહની જોડીએ હેરાન કરવાની ગંદી રાજનીતિ ચાલુ રાખી : કોંગ્રેસ

• નવી દિલ્હી

દિલ્હી પોલીસે નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી અને અન્ય આરોપીઓની વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી છે. આ એફઆઈઆર ઈડીની ફરિયાદ પર દાખલ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ઈડી આ હાઈ-પ્રોફાઈલ કેસમાં મની લોન્ડરિંગની તપાસ કરી રહી છે.આ કેસમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે પક્ષના પ્રથમ પરિવારે વ્યકિતગત લાભ માટે પોતાના પદનો દુરુપયોગ કર્યો હતો.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખા (ઈડબ્લ્યુઓ)એ ૩ ઓક્ટોબરનાં રોજ ગાંધી પરિવાર અને અન્ય સાત લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ગાંધી પરિવાર, કોંગ્રેસનાં નેતાઓ સુમન દુબે અને સામ પિત્રોડા, યંગ ઈન્ડિયન અને ડોટેક્સ મર્ચેન્ડાઈઝ લિમિટેડના પ્રમોટર સુનીલ ભંડારી, એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (એજેએલ) અને અજાણ્ય લોકો સામે આઈપીસીની કલમ ૧૨૦બી (ગુનાહિત કાવતરું), ૪૦૩ (સંપત્તિનો અપ્રમાણિક દુરુપયોગ), ૪૦૬ (વિશ્વાસ ભંગ માટે સજા) અને ૪૨૦ (છેતરપિંડી) હેઠળ આરોપ દાખલ કર્યા છે.

એક્સ પરની એક પોસ્ટમાં કોંગ્રેસના મહાસચિવ અને કોમ્યુનિકેશન ઈનચાર્જ જયરામ રમેશે જણાવ્યું હતું કે મોદી-શાહની જોડીએ કોંગ્રેસના ટોચના નેતૃત્ત્વ સામે હેરાન કરવા, ડરાવવા-ધમકાવા અને બદલો લેવાની પોતાની ગંદી રાજનીતિ ચાલુ રાખી છે. જેઓ ધમકી આપે છે તે પોતે જ અસુરક્ષિત અને ભયભીત છે. નેશનલ હેરાલ્ડ કેસ સંપૂર્ણપણે બોગસ કેસ છે. અંતે ન્યાયનો વિજય થશે. સત્ય મેવ જયતે.

ઈડીએ દાવો કર્યો છે કે તેની તપાસમાં જાણવા મળ્યું છે કે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની લાભકારી માલિકીની ખાનગી કંપની યંગ ઈન્ડિયને માત્ર રૂ. ૫૦ લાખમાં એજેલની ૨૦૦૦ કરોડ રૂપિયાની મિલકતો હસ્તગત કરી હતી. જેના કારણે તેનું મૂલ્ય નોંધપાત્ર રીતે ઓછું થયું હતું.

ચાર્જશીટમાં એવો આરોપ મૂકવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે કે સોનિયા ગાંધીએ યંગ ઈન્ડિયન કંપની દ્વારા પ્રજાનાં નાણાંને પોતાના ઉપયોગ માટે બદલી પોતાના અને પોતાના પુત્ર રાહુલ ગાંધીનાં અંગત ફાયદા માટે એઆઈસીસીનાં પૂર્વ પ્રમુખ તરીકે પોતાના પદનો દુરુપયોગ કર્યો હતો.

આ દરમિયાન ભાજપે નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની વિરુદ્ધ બદલાનું રાજકારણ કરવાનાં કોંગ્રેસના આરોપોને પાયાવિહોણા ગણાવી જણાવ્યું હતું કે ભાષણ આપવાને બદલે પ્રજાનાં લૂટેલા નાણાનો હિસાબ આપો.

નેશનલ હેરાલ્ડ કેસને સંપૂર્ણપણે બોગસ બતાવવાનાં કોંગ્રેસના દાવા અંગે ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન રવિશંકર પ્રસાદે જણાવ્યું હતું કે જ્યારે કોંગ્રેસ નેતાઓની વિરુદ્ધ આ કેસમાં ખાનગી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી ત્યારે વડાપ્રધાન મોદી કેન્દ્રમાં ન હતાં. આ કેસ ૨૦૦૮નો છે.



### મુખ્યમંત્રી યોગીએ ઘટનાની નોંધ લીધી

## UPના મુરાદાબાદમાં ગમખ્વાર અકસ્માત, એક જ પરિવારના 6 લોકોના મોત નીપજ્યાં

• મુરાદાબાદ

ઉત્તરપ્રદેશના મુરાદાબાદમાં એક રોડવેઝ બસે ટેમ્પોને ટક્કર મારતા મોટો અકસ્માત સર્જાયો હતો. જેમાં એક જ પરિવારના છ લોકોના મોત થયા અને પાંચ અન્ય ઈજાગ્રસ્ત થયા. તેમને મુરાદાબાદ જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રવિવારે દિલ્હી-લખનઉ નેશનલ હાઈવે ૯ પર કટઘર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઝીરો પોઈન્ટ નજીક આ અકસ્માત થયો હતો.

પ્રાપ્ત અહેવાલો અનુસાર, કુંદરકી પોલીસ સ્ટેશન વિસ્તારના અબ્દુલ્લાપુર ગામના ઓટો ડ્રાઈવર સંજુ સિંહ તેના પરિવાર સાથે રફતપુર કટઘરમાં લગ્નમાં હાજરી આપવા જઈ રહ્યો હતો. મુંડાપાંડે વિસ્તારમાં ઝીરો પોઈન્ટ પર એક બેફામ આવતી રોડવેઝ બસે ઓટોને ટક્કર મારી. સ્થાનિક રહેવાસીઓની મદદથી પોલીસે ઓટોમાં ફસાયેલા તમામ લોકોને બહાર કાઢીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતા. ડોક્ટરોએ પાંચ લોકોને મૃત જાહેર કર્યા, જ્યારે એક ઈજાગ્રસ્ત વ્યક્તિનું સારવાર દરમિયાન મૃત્યુ થયું.

પોલીસના જણાવ્યા અનુસાર, ટક્કર ખાનારી બસ મેરઠ ડેપોની હતી. આ અકસ્માતમાં સુમન (30), સીમા (35), સંજુ સિંહ (30), અભય (15), આરતી (20) અને અનાયા સિંહનું મોત થયું છે. જ્યારે કરણ સિંહ, રાની (17), ઝલક (15), અંશુ (18) અને અનુષ્કા (9) ઈજાગ્રસ્ત થયા.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ ભયાનક માર્ગ અકસ્માતની નોંધ લીધી છે. તેમણે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચવા, રાહત કામગીરી ઝડપી બનાવવા અનેઈજાગ્રસ્તોને યોગ્ય સારવાર આપવા નિર્દેશ આપ્યો છે.

મુરાદાબાદના મુખ્યમંત્રી ડૉ. કુલદીપે જણાવ્યું હતું કે અકસ્માતમાં ઈજાગ્રસ્ત કરણ સિંહની જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તેમના માથાનું સીટી સ્કેન કરવામાં આવી રહ્યું છે. દર્દી ભાનમાં છે. જો અહીં સારવાર શક્ય બને તો તેમની ત્યાં સારવાર કરવામાં આવશે. એમ્બ્યુલન્સના EMT એ જણાવ્યું કે માહિતી મળતાં જ એમ્બ્યુલન્સ તાત્કાલિક પહોંચી ગઈ. બે એમ્બ્યુલન્સ મોકલવામાં આવી હતી. અકસ્માત ખૂબ જ ગંભીર હતો. અમે સમયસર પહોંચ્યા અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા.

## મફત રેવડીથી ચૂંટણી જીતી શકાય પણ રાષ્ટ્રનું નિર્માણ ના થાય : સુબ્બારાવ

### રાજકીય પક્ષો અશક્ય હોય તેવા વચનો આપી વિશ્વાસ ગુમાવી રહ્યા છે

• નવી દિલ્હી

ચૂંટણી સમયે રાજકીય પક્ષો દ્વારા મતદારોને લલચાવવા માટે નવી નવી મફત સુવિધાઓની જાહેરાતો થતી હોય છે જેને કેટલાક પક્ષો દ્વારા મફતની રેવડી તરીકે પણ ઓળખાવામાં આવે છે. આ મફતની રેવડી મુદ્દે આરબીઆઈના પૂર્વ ગવર્નર દુવ્વુરી સુબ્બારાવે ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે મફતખોરીની સંસ્કૃતિ ચૂંટણીમાં જીત તો અપાવી શકે છે પરંતુ તેનાથી રાષ્ટ્ર નિર્માણ શક્ય નથી.

સુબ્બારાવે કહ્યું હતું કે આ મફતની રેવડી જેવા અભિયાન દ્વારા રાજકીય પક્ષો સતત અશક્ય વચનો આપીને એકબીજાથી આગળ નિકળવા પ્રયાસો કરતી હોય છે. સુબ્બારાવે કહ્યું હતું કે બિહારમાં એનડીએ દ્વારા મહિલાઓના ખાતામાં ૧૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા જ્યારે વિપક્ષ મહાગઠબંધને તો મહિલાઓના ખાતામાં ૩૦ હજાર રૂપિયા આપવાની સાથે સરકારી નોકરી સહિતના વચનો આપ્યા હતા. આ તમામ વચનો હકીકતથી ઘણા દૂર હતા. એવુ લાગી રહ્યું હતું જાણે રાજકીય પક્ષો સ્પર્ધામાં ઉતરી ગયા છે.

આરબીઆઈના પૂર્વ ગવર્નર સુબ્બારાવે કહ્યું હતું કે જ્યારે રાજકીય પક્ષો રૂપિયા વહેંચે છે કે મોટી મોટી જાહેરાતો કરે છે ત્યારે હકીકતમાં તેની અસર બહુ જ ઓછી જોવા મળે છે. આ વચનો દ્વારા ભલે કોઈ પક્ષ વધુ મતો મેળવી લેતો હોય પરંતુ રાષ્ટ્ર નિર્માણ માટે ઠીક નથી.

લોકોનો વિશ્વાસ પક્ષો ગુમાવી દેશે. સૌથી મોટી સમસ્યા એ છે કે આ પ્રકારની ગેરંટી પર ચૂંટાયેલી સરકારો હવે પોતાના વચનો પુરા કરવા માટે ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે. વર્ષ ૨૦૦૮થી ૨૦૧૩ દરમિયાન યુપીએ સરકારના શાસનમાં આરબીઆઈ ગવર્નર રહી ચુકેલા સુબ્બારાવે કહ્યું હતું કે રોકડા રૂપિયા આપવાના આ વાયદાઓ અને તેના અમલને કારણે ખરેખર નાણા જ્યાં ખર્ચ કરવા જોઈએ ત્યા નથી થતા જેમ કે શિક્ષણ, સ્વાસ્થ્ય, રોજગારી પેદા કરવી વગેરે.

### પાક્કો ગુજરાત દૈનીક સમાચારના અહેવાલ બાદ પણ અમદાવાદ શાહીબાગ પો.સ્ટેશનના PI સિંધવના પેટનું પાણી પણ ન હલતું હોવાનું આવ્યું સામે...

# શાહીબાગમાં ગેરકાયદેસરના ધંધાઓ સામે PCB - DCP સ્કોડ પણ કરી રહી છે આંખ આડા કાન

### શાહીબાગ પો.સ્ટેશનના PI ના રાજમાં સમગ્ર વિસ્તારમાં ચાલી રહ્યા છે ગેરકાયદેસર ધંધા


• પાક્કો ગુજરાત અમદાવાદ

અમદાવાદ શહેરના શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં જાહેરમાં દારૂ-જુગાર, MD ડ્રગ્સ, અને સ્પાના ધંધા ધમધોકાળ ચાલતા હોવાની માહિતી સામે આવી હતી. જે બાદ સમગ્ર માહિતી એકત્ર કરી અમારા પાક્કો ગુજરાત દૈનિક સમાચાર દ્વારા બુટલેગરોના નામ વિગતો અને સરનામાં સાથે અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. ત્યારે અમારા આ અહેવાલ બાદ પણ સમગ્ર શાહીબાગ વિસ્તારમાં આજે પણ દારૂ-જુગાર, MD ડ્રગ્સ, અને સ્પાના ધંધા ધમધમી રહ્યા છે. આ જોઈ લાગી રહ્યું છે કે શું શાહીબાગ પોલીસ સ્ટેશનના PI સિંધવ આ બાબતથી અજાણ છે કે પછી આંખ આડા કાન કરી રહ્યા છે. ત્યારે આ સમગ્ર ગેરકાયદેસરના ધંધા આજરોજ પણ ચાલુ હોવાનું જોતા તેઓ એમ લાગી રહ્યું છે કે અહેવાલ બાદ પણ શાહીબાગ પોલીસ સ્ટેશનના PI સિંધવનું પેટનું પાણી હલી નથી રહ્યું. આજે પણ PI સિંધવના રાજમાં અને તેમના લોકલાડીલા મેન વહીવટદાર હર્ષદભાઈ અને પેટ વહીવટદાર પ્રદીપસિંહના સાંઠગાંઠ થી સમગ્ર વિસ્તારમાં બુટલેગરો ગેરકાયદેસરનો વેપાર ખુલ્લેઆમ કોઈ પણ જાતનો ભય રાખ્યા વગર ચલાવી રહ્યા છે. ત્યારે આ જોતા તો એમ લાગે છે કે PI અને તેમના વહીવટદારોને ના રાજ્યના મુખ્યમંત્રીનો ભય છે કે ના નાયબ મુખ્યમંત્રીનો... તો વિસ્તારમાં

સમગ્ર વિસ્તારમાં MD ડ્રગ્સ, અને દેશી-ઈંગ્લીશ દારૂના ધંધાઓ ધમધમી રહ્યાં છે

શાહીબાગ પીઆઇ સિંઘમના પૂઠ્ઠાના ભાગે ગમે ત્યારે લાત વાગે તો નવાઈ નહીંની ચર્ચા

શાહીબાગ વિસ્તારમાં સ્પાની દુકાનોમાં મસાજને નામે ચાલી રહ્યા છે બિભત્સ કામો



બસ આટલા જ?

અહેવાલ પ્રસારીત કરાયા બાદ પણ ગેરકાયદેસર ધંધા ચાલી રહ્યા હોવાનું આવ્યું સામે

PI સિંધવનેના મુખ્યમંત્રીનો ભય છે કે ના નાયબ મુખ્યમંત્રીનો !

PI સિંધવના માથે રાજકીય નેતાનો હાથ હોવાની લોકમુખે ચર્ચા

આ ગેરકાયદેસરના ખુલ્લેઆમ ચાલતા ધંધાઓનું કારણ આ ત્રણેય પોલીસકર્મીઓ પર રાજકીય નેતાનો હાથ હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.એક બાજુ બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકાના કોંગ્રેસ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી જે સમગ્ર રાજ્યમાં ચાલી રહેલ દારૂના ધંધા બંધ કરાવવા માંથી રહ્યા છે. ત્યારે અમદાવાદ શાહીબાગ પોલીસ સ્ટેશનના PI સિંધવ પોતાના માનીતા વહીવટદારો સાથે બેખોફ વિસ્તારમાં બુટલગેરોને દારૂ-જુગાર, MD ડ્રગ્સનો વેપલો ચલાવવા દઈ રહ્યા છે. અને આજની પેઢીના યુવાઓને દારૂ ડ્રગ્સ ના રવાડે ચઢાવી તેમનું જીવન બરબાદ કરી રહ્યા છે .આ સમગ્ર મામલે પાક્કો ગુજરાત દૈનીક સમાચારના તંત્રી દ્વારા PI સિંઘવને ફોન કરતા તેઓ આ બાબતે અજાણ હોવાનું જણાવી તપાસ કરાવું છું જણાવાવમાં આવી રાહ્ય છે. ત્યારે PI સિઘવને ફરીવાર આ મામલે ફોન કરવામાં આવતા તેઓ દ્વારા ફોન નંબર પણ બ્લેક લિસ્ટમાં મૂકી દેવામાં આવેલ હોવાનું જોવા મળી આવ્યું છે. અને પોલીસ સ્ટેશનના લેન્ડલાઈન પર ફોન કરતા PI સાહેબ બહાર તપાસમાં ગયા છે.. હાજર નથી જેવા અવનવા જવાબો આપવામાં આવી રહ્યા છે. આ જોતા એમ લાગી રહ્યું છે કે આ ગેરકાયદેસર ચાલતા વેપલા મામલે તેઓ કોઈ વાત કરવા માંગતા નથી.. આ મામલે સ્થાનિકોમાં પણ રોષ ફેલાયો છે. સ્થાનિકો દ્વારા જાણવામાં આવી રહ્યું છે કે શાહીબાગ પોલીસ સ્ટેશનના PI સિંઘવ સાહેબ અને તેમના લોકલાડીલા વહીવટદારો તેમના પરિવાર સાથે 1 દિવસ વિસ્તારમાં રહેવા આવે અને પછી જુએ કે કઈ રીતે હાલ લોકો આ વિસ્તારમાં જીવન ગુજારી રહ્યા છે. તો સ્થાનિકો દ્વારા આ મામલે બુટલેગરને કઈ કહેવા જતા તેઓ દ્વારા જેને કહેવું હોય તમે કહો અમારા ધંધા બંધ નહિ થાય અમારા માથે અધિકારીઓનો હાથ છે અને વધુ કઈ બોલશો તો મારમારવાની અને જાનથી મારી નાખવાની પણ ધમકી આપવામાં આવી રહી હોવાનું જણાવાવમાં આવી રહ્યું છે.ત્યારે હવે આ અહેવાલ બાદ પણ જો શાહીબાગ વિસ્તારમાં ચાલતા ગેરકાદેસર ચાલતા વેપલા બંધ કરવામાં નહિ આવે તો આગામી દિવસમાં સમગ્ર વિસ્તારમાં ચાલતા ધંધાઓના ફૂટેજ જે અમારી પાસે છે તે ગુજરાત રાજ્યના મંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, દેશના ગ્રહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ તમામ ફૂટેજ મોકલી આપવામાં આવનાર છે. અને તમામ રાજકીય નેતાઓને અમારી રજુઆત છે કે શાહીબાગ વિસ્તારમાં ચાલી રહેલા દારૂ-જુગાર, MD ડ્રગ્સ અને સ્પામાં મસાજને નામે ચાલતા ગેરકાયદેસર કામોને બંધ કરવામાં આવે... આવા અનેક સમાચાર વાંચો પાક્કો ગુજરાત દૈનિક સમાચારમાં

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# હળવદ ડોક્ટર સાથે રૂ.48.14 લાખની છેતરપિંડી કરનાર 4 શખ્સની

### મોરબી સાયબર ક્રાઇમ બ્રાંચે આરોપીઓને દબોચ્યા

• હળવદ

હળવદના એક ડોક્ટર સાથે શેરબજારમાં રોકાણના નામે રૂ. ૪૮.૧૪ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. મોરબી જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે આ ગુનામાં સંડોવાયેલા ચાર આરોપીઓની ધરપકડ કરી છે.

હળવદના ઉમા સોસાયટીમાં રહેતા ડો. ચેતનકુમાર લાભુભાઈ જાકાસણીયા (૩૯) સાથે સ્ટોક એક્સચેન્જમાં રોકાણ કરાવવાના બહાને કુલ ૪૮.૧૪ લાખ રૂપિયાની સાયબર ઠગાઈ થઈ હતી, જે અંગે તેમણે મોરબી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મુજબ, 'ઈરિના ફેડોરોવા' નામની ફેસબુક આઈડી પરથી સંપર્ક સાધી ડોક્ટર ચેતનને વિશ્વાસમાં લીધા બાદ 'વાય૯૬ સીગ કસ્ટમર સર્વિસ' નામના વાટ્સએપ ગુરપમાં ઉમેરવામાં આવ્યા હતા. આરોપીઓએ જુદી જુદી લલચામણી સ્કીમો સમજાવી ડોક્ટર પાસેથી ૪૩.૫૫ લાખનું રોકાણ કરાવ્યું હતું. બાદમાં, રકમ વિથડ્રો કરવા માટે સવસ ટેક્સના નામે વધારાના ૪.૫૯ લાખ ટ્રાન્ઝેક્શન કરાવી કુલ ઠગાઈ આચરી હતી.

મોરબી સાયબર ક્રાઈમ ટીમે ટેક્નિકલ માહિતીના આધારે આ ફ્રોડ આચરનાર ગેંગના ચાર આરોપીઓ (૧) રાહુલ હર્ષદભાઈ ચૌધરી (૨) ખુશ નવીનભાઈ ભાલોડીયા (૩) જયદિપ રામભાઈ લગારીયા (૪) શ્યામ કિશોરભાઈ રૂપાપરાને ઝડપી લીધા છે. પોલીસે તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વખતપરમાં રવિરાજ હોટલમાંથી ડીઝલ ચોરીનું કૌભાંડ ઝડપાયું

ધંધુકા : સાયલાના વખતપરની હોટલમાંથી ચોરી-કપટથી સંગ્રહ કરેલો ડીઝલનો મોટો જથ્થો પોલીસે ઝડપી પાડયો છે. પોલીસે હોટલના શૌચાલયમાંથી રૂ,૨૩,૪૦૦ની કિંમતનું ૨૬૦ લિટર ડીઝલ કબજે કરી હોટલ સંચાલક વિરુદ્ધ ગુનો નોંધી સાયલા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

સાયલા તાલુકાના વખતપર ગામના બોર્ડ પાસે આવેલી રવિરાજ હોટલનો સંચાલક અમિત બિરેન્દ્ર મંડલ (રહે. સાયલા) અન્ય વાહનોમાંથી ચોરી કે અન્ય કોઈ રીતે ડીઝલ કાઢી ગેરકાયદે રીતે ડીઝલનો સંગ્રહ અને વેચાણ થતું હોવાની બાતમીના આધારે સાયલા પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન, હોટલના ગ્રાઉન્ડમાં આવેલા શૌચાલયમાંથી પોલીસે સંગ્રહ કરેલો ૨૬૦ લિટર ડીઝલનો જથ્થો ઝડપી પાડયો હતો, જેની કિંમત રૂ. ૨૩,૪૦૦ થાય છે. આ ઉપરાંત, પોલીસે બે કેન, એક માપિયું અને બે નળીઓ સહિત કુલ રૂ.૨૩,૭૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે હોટલ સંચાલક અમિત મંડલને ઝડપી પાડી તેની સામે કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે સુરેન્દ્રનગર જિલ્લામાંથી પસાર થતાં અમદાવાદ-રાજકોટ હાઈવે પરની હોટલમાંથી અગાઉ અનેકવાર વાહનો અને ડીઝલ-પેટ્રોલના ટેન્કર (ટાંકા)માંથી આયોજનપૂર્વક ડીઝલ ચોરી કરી નીચા ભાવે અન્ય વાહનોને વેચવાનું રેકેટ ઝડપાઈ ચુક્યું છે.

બેરુખી

### બિસ્માર માર્ગો, ડ્રેનેજ લાઇન નથી, 5 વર્ષથી સ્ટ્રીટ લાઇટ બંધ

# બાલાસિનોરની 54 વર્ષ જૂની જીઆઇડીસી રામ ભરોસે, અડધા કારખાના બંધ થવાને આરે

### મિનરલ અને કેમિકલના ઉદ્યોગોની સાથે લાકડાં અને લોઢાના કારખાના ચલાવતા ઉદ્યોગકારોની કફોડી દશા

બાલાસિનોર : મહિસાગરના તાલુકા મથક બાલાસિનોરની ૫૪ વર્ષ જૂની જીઆઈડીસી રામ ભરોસે ચાલી રહી હોય તેવી સ્થિતિ છે. અહીં ઉદ્યોગકારોને એક પણ પ્રકારની પ્રાથમિક સુવિધા મળતી નથી તેવો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. પરિણામે અડધા કારખાના બંધ થઈ જાય તેવી હાલત છે. ઉદ્યોગકારો દ્વારા જીઆઈડીસી તંત્ર અને સરકારને રજૂઆતો કરવામાં આવી રહી છે. પરંતુ તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યાનો આક્ષેપ કરાઈ રહ્યો છે.



બાલાસિનોરમાં વર્ષ ૧૯૭૧માં જીઆઈડીસીની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં ૬૦ જેટલા પ્લોટ ફાળવવામાં આવ્યા છે. હાલ અહીં ૬૦થી ૬૫ જેટલા નાના-મોટા એકમો ચાલી રહ્યાં છે. જેમાં મિનરલ એટલે કે પથ્થર, કેમિકલ, લાકડા અને લોખંડના કારખાનાનો સમાવેશ થાય છે. આશરે ૫૦૦-૬૦૦ જેટલા સ્થાનિક લોકોને અહીં રોજગારી મળે છે. જીઆઈડીસીને આગળ વધારીને બાલાસિનોરનો વિકાસ કરવાના બદલે આજ સુધીમાં જીઆઈડીસી તંત્ર કે સરકાર દ્વારા ધ્યાન આપવામાં આવ્યું નથી. જીઆઈડીસીના રસ્તા અતિશય બિસ્માર બની ગયા છે, જેના પર વાહન ચાલાવવા મુશ્કેલ છે, ડ્રેનેજ લાઈનનું નેટવર્ક નથી, પાંચેક વર્ષથી અહીંની સ્ટ્રીટ લાઈટ બંધ હાલતમાં હોવાથી રાત્રિના સમયે રસ્તા ઉપર અંધારપટ છવાઈ જાય છે, સીસીટીવી કેમેરા જેવી સુરક્ષા વ્યવસ્થાનો અભાવ છે. સરકારના વેરા અને ફીનો ચાર્જ વધતો જ જાય છે, તેની સામે સુવિધા મળતી નથી. પરિણામે કંટાળીને ઉદ્યોગકારો ધંધા-રોજગાર બંધ કરવા માંડયા છે. જીઆઈડીસીમાં હાલ ૨૫થી ૩૦ કારખાના બંધ થવાને આરે છે. ૧૦ કારખાના તો સાવ બંધ જ થઈ ગયા છે. જીઆઈડીસીની આવી જ હાલત રહી તો આગામી દિવસોમાં બધા ઉદ્યોગો બંધ થઈ જાય તેમ છે, તેવું જીઆઈડી વિસ્તારના ઉદ્યોગકારો દ્વારા જણાવાયું હતું.

બાલાસિનોર જીઆઈડીસી અસ્તિત્વમાં આવ્યાને સાડા પાંચ દસકાનો સમય થઈ ગયો છે. પરંતુ આજ સુધીમાં અહીં જીઆઈડીસીની કોઈ ઓફિસ જ નથી. ઓફિસ બનાવવા માટે પ્લોટ ફાળવાયેલો છે. જે અવાવરૂ હાલતમાં ખાલી પડયો છે. કારખાનેદારોએ કોઈ પણ કામગીરી માટે આણંદ હેડ ઓફિસ સુધી ધક્કા ખાવા પડે છે.

બાલાસિનોર જીઆઈડીસી ઉદ્યોગકારોના અસોસિએશનના પ્રમુખ રેહાનભાઈએ જણાવ્યું હતું કે, બિસ્માર રસ્તા બાબતે બે વર્ષથી રજૂઆત કરવામાં આવી રહી છે. અધિકારીઓ દ્વારા પણ આ અંગે હકારાત્મક અભિગમ દાખવવામાં આવ્યો છે. આગામી ટૂંક સમયમાં રસ્તાનું કામ હાથ પર લેવામાં આવશે. બાલાસિનોર જીઆઈડીસીને ટકાવી રાખવા માટે સરકાર, જીઆઈડીસી તંત્ર અને પાલિકા તંત્ર વેરાઓ સહિતની બાબતોમાં રાહત આપે, તેવી માંગ કરવામાં આવી છે.

### નડિયાદના ખેતા તળાવના રિનોવેશનના નાણા માથે પડ્યા !

# રૂા. 2 કરોડથી વધુના ખર્ચે બ્યુટીફિકેશન અને રિનોવેશન છતાં પણ સુવિધાનો અભાવ

શહેરીજનોમાં રોષ

### બાળ મનોરંજન બાગમાં બાળકોની રમતગમતના તમામ સાધનો છેલ્લા પાંચ વર્ષથી બિનઉપયોગી



નડિયાદ : નડિયાદ શહેરની મધ્યમાં આવેલા ખેતા તળાવમાં તાજેતરમાં જ મહાનગરપાલિકા દ્વારા રૂપિયા ૨ કરોડથી વધુના ખર્ચે બ્યુટીફિકેશન અને રિનોવેશન કરવામાં આવ્યું હતું. તેમ છતાં તળાવની બાજુમાં આવેલા બાળ મનોરંજન બાગમાં રમતગમતના તમામ સાધનો છેલ્લા પાંચેક વર્ષથી બિનઉપયોગી અને તૂટેલી હાલતમાં પડયા હોવાથી શહેરીજનોમાં રોષ ફેલાયો છે. જેથી શહેરના બાળકોને મનોરંજનની પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની શહેરીજનોમાં માંગ ઉઠવા પામી છે.

નડિયાદ શહેરની મધ્યમાં આવેલું ખેતા તળાવ શહેરની એક ઓળખ સમાન છે. શહેરભરમાંથી લોકો પોતાના બાળકોને લઈને અહીં આવે છે, કે જેથી બાળકો બાગ-બગીચામાં રમી શકે અને મનોરંજન માણી શકે. પરંતુ છેલ્લા ઘણા સમયથી ખેતા તળાવની બાજુમાં આવેલા બાળ મનોરંજન વિભાગની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. બાળકો માટેના તમામ સંસાધનો લપસણી, હિંચકા, સી-સો અને નાની રાઈડ્સ સહિતના તમામ સાધનો તૂટી ગયા છે અથવા તો જર્જરિત થઈ ગયા જે ઉપયોગમાં લઈ શકાય તેમ નથી.

મહાનગરપાલિકા તંત્ર દ્વારા તાજેતરમાં જ તળાવનું રૂપિયા ૨ કરોડથી વધુના ખર્ચે બ્યુટીફિકેશન અને રિનોવેશન કરવામાં આવ્યું હતું, ત્યારે આટલો મોટો ખર્ચ કરવા છતાં બગીચામાં બાળકો માટે કોઈ નવી સુવિધા ઊભી કરવામાં આવી નથી કે જૂના સાધનોનું સમારકામ પણ કરવામાં આવ્યું નથી. બાળકોના મનોરંજન માટેના સ્થળે જ રમવાના સાધનો ન હોવાથી બાળકો અને તેમના વાલીઓમાં નિરાશા ફેલાઈ છે. છેલ્લા પાંચેક વર્ષથી આ જ પરિસ્થિતિ પ્રવર્તી હોવા છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. જેથી બાળકોના હિતમાં તૂટેલા તમામ સાધનો દૂર કરીને નવા અને આધુનિક મનોરંજનના સાધનો સ્થાપિત કરી શહેરના બાળકોને મનોરંજનની પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તેની શહેરીજનોમાં પ્રબળ માંગણી ઉઠી છે. આ સમગ્ર મામલે નડિયાદ મનપાના ડેપ્યુટી કમિશનરે જણાવ્યું હતું કે, જર્જરીત થયેલા સાધનો અત્યંત જૂના છે. આગામી સમયમાં હેરીટેજ તરીકે જ્યારે ડેવલોપમેન્ટનો પ્લાન થશે, તેમાં આ કામગીરીનો સમાવેશ કરવામાં આવશે.

# ભારતે 2025માં 35.7 કરોડ ટન ખાદ્યાન્ન પેદા કરી ઈતિહાસ રચ્યો

### મન કી બાતમાં વડાપ્રધાન મોદીની જાહેરાત

નવી દિલ્હી: ભારતે વર્ષ ૨૦૨૫માં ૩૫.૭ કરોડ ટન ખાદ્યાન્ન પેદા કરીને ઈતિહાસ રચ્યો છે. દેશની કૃષિ વૃદ્ધિ માટે આ સિમાચિહ્ન અભૂતપૂર્વ છે તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જણાવ્યું હતું. પીએમ મોદીએ રવિવારે તેમના માસિક રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં ઈસરોની અનોખી ડ્રોન સ્પર્ધા અને જેન-ઝીના પ્રયત્નોની પ્રશંસા કરી હતી.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના માસિક કાર્યક્રમ મન કી બાતના ૧૨૮મા એપીસોડમાં રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે છેલ્લા એક દાયકાથી વધુ સમયમાં ભારતે ખાદ્યાન્નનું ઉત્પાદન ૧૦ કરોડ ટન વધાર્યું છે, જે કૃષિ ક્ષેત્રે આત્મનિર્ભરતાની દિશામાં ભારતનું મજબૂત પગલું દર્શાવે છે. તેમણે નેચરલ ફાર્મિંગ પર વિશેષ ભાર મૂકતા કહ્યું કે, તમિલનાડુના કોઈમ્બતુરમાં યોજાયેલા નેચરલ ફાર્મિંગ પ્રદર્શનના પ્રયાસો પ્રશંસનીય છે.

પીએમ મોદીએ ઈસરોની ડ્રોન સ્પર્ધાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ભારતની અવકાશ સંસ્થા ઈસરોએ થોડા દિવસ પહેલાં અનોખી ડ્રોન સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આપણા દેશના યુવાનો અને વિશેષરૂપે જેન-ઝીએ મંગળ ગ્રહ જેવી પરિસ્થિતિઓમાં ડ્રોન ઉડાવવાનો પ્રયત્ન કર્યો હતો. મંગળ પર જીપીએસ ઉપલબ્ધ નહીં હોવાના કારણે ડ્રોને સંપૂર્ણપણે પોતાના કેમેરા અને ઈનબિલ્ટ સોફ્ટવેરની મદદથી જ દિશા, ઊંચાઈ અને અવરોધોનો અંદાજ લગાવવાનો હોય છે. આ સ્પર્ધાએ બતાવ્યું કે, ભારતના યુવાનો મંગળ ગ્રહ પર ડ્રોન ઉડાવવાની તૈયારી કરી રહ્યા છે. તેમણે સ્પોર્ટ્સ ક્ષેત્રમાં ભારતની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, નવેમ્બર મહિનો સ્પોર્ટ્સમાં ભારતીય મહિલાઓ માટે વિશેષ રહ્યો. મહિનાની શરૂઆતમાં ભારતીય મહિલા ક્રિકેટરોએ વન-ડે ક્રિકેટમાં વર્લ્ડ કપ જીત્યો હતો. આ સિવાય મહિલાઓએ બ્લાઈન્ડ ક્રિકેટ વર્લ્ડ કપ પણ જીત્યો હતો. વર્લ્ડ બોક્સિંગમાં પણ ભારતે ૨૦ મેડલ જીત્યા.

# વર્ષોથી અમેરિકાએ ભારતીયોના ટેલેન્ટનો ખૂબ ફાયદો ઉઠાવ્યો : મસ્ક

### એચ-1બી વિઝા બંધ ના થવા જોઇએ

• વોશિંગ્ટન

વિશ્વના સૌથી ધનવાન લોકોમાં સામેલ ટેસ્લાના માલિક અને એક સમયે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ ગણાતા ઈલોન મસ્કે એચ-૧બી વિઝા મુદ્દે ભારતને સમર્થન આપ્યું છે. મસ્કે કહ્યું છે કે અમેરિકાએ વર્ષો સુધી ભારતના ટેલેન્ટનો ઉપયોગ કર્યો છે અને તેનો ખુબ ફાયદો પણ ઉઠાવ્યો છે. અમેરિકાએ એચ-૧બી વિઝા બંધ ના કરવા જોઈએ.



નિખિલ કામથ સાથે પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન ઈલોન મસ્કે કહ્યું હતું કે ભારતથી જે ટેલેન્ટ આવી રહ્યું છે તેનો અમેરિકાને ઘણો ફાયદો થયો છે. અમેરિકાના જમણેરી જુથોને લાગી રહ્યું છે કે અમેરિકામાં કુશળ વ્યક્તિઓએ નોકરી પર કબજો કરી લીધો છે. પરંતુ મારું વ્યક્તિગત અવલોકન કહે છે કે ટેલેન્ટેડ વ્યક્તિની હંમેશા અછત રહેશે. જો તમારે તમારો ટાસ્ક પુરો કરાવવો હોય તો તેમાં કુશળ હોય તેવી વ્યક્તિની તમને જરૂર પડશે. જેટલા ટેલેન્ટેડ લોકો હશે એટલો ફાયદો થશે. મારી કંપનીઓ પણ વિશ્વના સૌથી કુશળ વ્યક્તિઓની જ ખોજ કરતી હોય છે. ઈલોન મસ્કે એચ-૧બી વિઝાના દુરુપયોગ અંગે પણ વાત કરી હતી, તેમણે દાવો કર્યો હતો કે કેટલીક કંપનીઓ સિસ્ટમ સાથે ગેમ રમી રહી છે, જેને બંધ કરવાની જરૂર છે. આ પરિસ્થિતિ વચ્ચે પણ મને નથી લાગતુ કે એચ-૧બી વિઝા પ્રોગ્રામ બંધ કરી દેવો જોઈએ. જે લોકો એચ-૧બી વિઝા બંધ કરવા માગે છે તેમને અહેસાસ જ નથી કે આ ખરેખર ખોટુ થશે. દસકાઓથી ભારતીય ડોકટરો, એન્જિનિયર્સ અને અન્ય કુશળ નાગરિકો એચ-૧બી વિઝાની મદદથી અમેરિકા જઈને આર્થિક રીતે સંપન્ન થયા છે.

# તેને બોલતો બંધ કરો : ઉઇગુર નેતાએ જીનીવામાં ચીનનો પર્દાફાશ કરતાં ચીના ભડક્યા

જીનીવા: જીનીવામાં લઘુમતિઓના મુદ્દા પર આયોજિત સંયુક્ત રાષ્ટ્ર ફોરમ દરમિયાન ઉઈગુર સેન્ટર ફોર ડેમોક્રસી એન્ડ હ્યુમન રાઈટસના અધ્યક્ષ ડોલ્કુન ઈસાએ સમગ્ર દુનિયા સમક્ષ ચીનનો અસલી ચહેરો બેનકાબ કરી દીધો. તેઓ ચીન દ્વારા ઉત્તર પશ્ચિમ ચીન સ્થિત સિકંગ્યાંગ પ્રદેશમાં વસતા ઈસ્લામ ધર્મી ઉઈગુર પ્રજા પર વરસાવવામાં આવતા જોર જુલ્મ, અને હત્યાકાંડની વિગતો જરા પણ અચકાયા સિવાઈ કહહી રહ્યા હતા. ત્યારે ચીની પ્રતિનિધિ મંડળના નેતા ઉકળી ઉઠયા હતા. અને મોટેથી બોલી ઉઠયા હતા કે આને બોલતો બંધ કરો. પરંતુ તે પરિષદના અધ્યક્ષે ચીનના નેતાની એક વાત પણ સાંભળી નહીં અને ઈસાને બોલવા દીધા. બીજી તરફ દેશવટો ભોગવતા આ ઊઈગુરે તાએ ચીની પ્રતિનિધિઓની રાડા રાડીને નહીં ગણકારતાં પોતાનું વક્તવ્ય ચાલુ રાખ્યું હતું. તેઓએ ચીન ઉપર સુનિયોજિત દમન અને નરસંહારની હકીકત ખુલ્લેઆમ રજૂ કરી.વિશ્વ સમુદાયને સંબોધિત કરતાં તેઓએ કહ્યું કે બૈજિંગ સરકારે ઉઈગુર પ્રજાનાં તમામ સાંસ્કૃતિક અને સામાજિક કેન્દ્રો નાશ કરવામાં આવ્યા છે. પરંતુ વિદેશોમાં વસતા ઉઈગુર ડાયસ્વોરાએ વિદેશોમાં અમારી સંસ્કૃતિને પુનર્જિવિત કરી છે.દુનિયાભરમાં ઉઈગુર સમુદાઓએ પોતાની ભાષા, ધર્મ, લોકકલા, સાહિત્ય વગેરે વિદેશોમાં પુનર્જિવિત કર્યા છે અને અમારી સંસ્કૃતિને નવું જીવન આપ્યું છે. અમે અમારી વીરાસતને માત્ર સંરક્ષિત જ નથી રાખતા પરંતુ જે દેશમાં વસીએ જે સમાજોમાં ભમીએ તે દેશ અને તે સમાજોને સમૃદ્ધ કરીએ છીએ.

### સીગારેટ, પાન-મસાલા, ગુટખા સહિતના તમાકુ ઉત્પાદનો પર તવાઈ

# તમાકુ પર ઊંચો જીએસટી રાખવા નવા આરોગ્ય-સુરક્ષા સેસની કેન્દ્રની તૈયારી

નવી દિલ્હી: કેન્દ્ર સરકારે સીગારેટ, પાન-મસાલા, ગુટખા સહિતના તમાકુ ઉત્પાદનો પર લાગુ ઊંચા ટેક્સની વસૂલાત માટે સેન્ટ્રલ એક્સાઈઝ ડયુટી વધારવાની દરખાસ્ત કરી છે. જીએસટીના કર માળખામાં વ્યાપક સુધારાના પગલે કમ્પનસેશન સેસનો અંત આવ્યા પછી સિગારેટ, ગુટખા સહિતના તમાકુ ઉત્પાદનો તથા સ્વાસ્થ્ય માટે હાનીકારક અન્ય ઉત્પાદનો પર વધારાનો સેસ સમાન સ્તરે જળવાઈ રહે તે માટે નાણામંત્રી સીતારામન સોમવારે લોકસભામાં નવો સ્વાસ્થ્ય સેસ અને સિક્યોરિટી સેસ રજૂ કરે તેવી શક્યતા છે.




કેન્દ્ર સરકારે જીએસટી માળખામાં નોંધપાત્ર સુધારો કરતા ૨૨ સપ્ટેમ્બરથી નવા જીએસટી દર લાગુ કર્યા છે, જેમાં માત્ર પાંચ અને ૧૮ ટકાના સ્લેબ છે. જીએસટી માળખામાં સુધારાના પગલે સીગારેટ, ગુટખા, પાન-મસાલા સહિતના તમાકુના ઉત્પાદનો પર લાગુ કમ્પનસેસન સેસ એટલે કે વળતર સેસનો અંત આવી રહ્યો છે. આવા સમયે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન સોમવારે સેન્ટ્રલ એક્સાઈઝ સુધારા બિલ, ૨૦૨૫ અને સ્વાસ્થ્ય સુરક્ષાથી રાષ્ટ્રીય સુરક્ષા સેસ બિલ, ૨૦૨૫ લોકસભામાં રજૂ કરવા માટે લિસ્ટેડ કરાયું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ સેન્ટ્રલ એક્સાઈઝ અમેન્ડમેન્ટ બિલ, ૨૦૨૫ સીગારેટ, ગુટખા, પાનમસાલા જેવા તમાકુ ઉત્પાદનો પર એક્સાઈઝ ડયુટીની વસૂલાત દ્વારા તમાકુ પર જીએસટી કમ્પનસેસન સેસનું સ્થાન લેશે. 'સ્વાસ્થ્ય સુરક્ષાથી રાષ્ટ્રીય સુરક્ષા સેસ બિલ' પાન મસાલા પરના કમ્પનસેસન સેસને બદલી નાંખશે. રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર આરોગ્ય પર સુરક્ષા ખર્ચને પહોંચી વળવા માટે સંશાધનોમાં વધારો કરવા આ બિલ રજૂ કરાશે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે સેસના દરોમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરાશે નહીં. હાલમાં જીએસટી હેઠળ તમાકુના ઉત્પાદનો પર જે સેસ લગાવવામાં આવે છે તે સેસ હવે નવી જોગવાઈઓ હેઠળ લાગુ થશે. અહેવાલો મુજબ નવા એક્સાઈઝ બિલ હેઠળ ૭૫ મીમીથી વધુ લંબાઈવાળી ફિલ્ટર સિગારેટ પર ચાર્જ પ્રતિ હજાર સ્ટિક રૂ. ૭૩૫થી વધારીને રૂ. ૧૧,૦૦૦ કરાયો છે. બીજીબાજુ ૬૫-૭૦ મીમીની નોન-ફિલ્ટર સિગારેટ પરનો ચાર્જ પ્રતિ હજાર સ્ટિક રૂ. ૨૫૦થી વધારીને રૂ. ૪,૫૦૦ કરવાની દરખાસ્ત કરાઈ છે.

# કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના અંત પૂર્વે DIIની ઈક્વિટી ખરીદી રૂ.૭ લાખ કરોડને પાર!!

## રિટેલ રોકાણકારોમાં ઇક્વિટી તરફ વધતી રસને કારણે મ્યુચ્યુઅલ ફંડોની ખરીદી સર્વોચ્ચ રહી છે

• મુંબઈ

કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના અંત સુધી એક મહિનો બાકી હોવા છતાં ઘરેલું સંસ્થાકીય રોકાણકારો (DII) એ ભારતીય ઈક્વિટી બજારમાં ખરીદીનો રેકોર્ડ સ્તર સ્પર્શ્યો છે. ૨૬ નવેમ્બર સુધીના આંકડા મુજબ DIIએ ઈક્વિટી કેશ માર્કેટમાં કુલ અંદાજીત રૂ.૭,૦૦,૪૭૫.૧૨ કરોડની નેટ ખરીદી કરીછે, જેકેલેન્ડર વર્ષ ૨૦૨૪માં કરાયેલી રૂ.૫,૨૭,૪૩૮.૪૫ કરોડની ખરીદીની સરખામણીએ નોંધપાત્ર રીતે ઊંચી છે. મ્યુચ્યુઅલ ફંડ, વીમા કંપનીઓ અને બેંકો સહિતના સંસ્થાકીય રોકાણકારોની મજબૂત માંગે આ વૃદ્ધિને મુખ્ય ટેકો આપ્યો છે. ચાલુ વર્ષે જ્યારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) એ ભારે વેચવાલી કરી છે ત્યારે DIIએ બજારના માનસને સ્થિર રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધી એફઆઈઆઈએ ઈક્વિટી કેશ માર્કેટમાં અંદાજીત રૂ.૨,૬૭,૦૧૭.૫૫ કરોડની નેટ વેચવાલી નોંધાવી છે, જે ૨૦૨૪ની રૂ.૩,૦૪,૨૧૭.૨૫ કરોડની નેટ વેચવાલીની સરખામણીએ થોડું ઓછું છે, છતાં બજાર પર તેના દબાણને ઓછું કરવા DIIની જોરદાર ખરીદી મદદરૂપ બની છે. રિટેલ રોકાણકારોમાં ઈક્વિટી તરફ વધતી રસને કારણે મ્યુચ્યુઅલ ફંડોની ખરીદી સર્વોચ્ચ રહી છે અને ફંડ હાઉસો સતત વધતા પ્રવાહના ટેકાથી ઈક્વિટી એક્સપોઝર વધી રહ્યા છે.

ઈક્વિટી અન્ય રોકાણ સાધનોની સરખામણીએ વધુ વળતર આપવાની ધારણાએ રિટેલ રોકાણકારોને બજારમાં વધુ નાણાં ઠાલવવા પ્રોત્સાહિત કર્યા છે, જેના કારણે ઈક્વિટી સ્કીમોમાં સતત મજબૂત ઈન્ફલોઝ જોવા મળી રહ્યા છે.

DIIની મજબૂત ખરીદી સામે FIIની વેચવાલીનો દબાણ નબળો પડતાં શેરબજારના મુખ્ય ઈન્ડાઈસિસે આ વર્ષ દરમિયાન નોંધપાત્ર તેજી દર્શાવી છે. ગુરુવારે સેન્સેક્સે ઈન્ટ્રાડેમાં ૮૬૦૦૦ પોઈન્ટનું સ્તર પાર કર્યું હતું, જ્યારે નિફ્ટી ફ્યુચર ઈન્ડેક્સે ૨૬૪૯૫ પોઈન્ટની નવી સર્વોચ્ચ સપાટી સ્પર્શી હતી.

કુલ મળીને વર્તમાન વર્ષમાં ભારતીય બજારમાં મુખ્ય ઈન્ડાઈસિસે અંદાજીત ૧૦% જેટલુ વળતર આપ્યું છે.

## આઈએમએફ દ્વારા ભારતના આઉટલુક અંગે ચેતવણીભર્યો અંદાજ!!

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઈએમએફ)એ ભારત અંગે નવો અને વધુ સાવચેત અંદાજ રજૂ કર્યો છે. આઈએમએફ ની તાજેતરની સ્ટાફ કન્સલ્ટેશન રિપોર્ટ અનુસાર ભારત હવે નાણાકીય વર્ષ ૨૦૨૭ને બદલે નાણાકીય વર્ષ ૨૦૨૯માં ૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બને તેવી શક્યતા વ્યક્ત કરી છે. આ અંદાજ પહેલાંના મૂલ્યાંકન કરતાં એક વર્ષનો વિલંબ દર્શાવે છે, જેનું મુખ્ય કારણ જીડીપી વૃદ્ધિમાં ધીમો પડકાર અને રૂપીમાં નોંધપાત્ર નબળાઈ છે. આઈએમએફનું માનવું છે કે ભારતીય અર્થતંત્ર ઝડપથી વિકસતું હોવા છતાં વિનિમય દરમાં ઉછાળો સમગ્ર આર્થિક મૂલ્યને ડોલર ટર્મ્સમાં દબાવી રહ્યો છે.

રિપોર્ટ મુજબ ભારત નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૪ ટ્રિલિયન ડોલરનો આંકડો પાર કરી દેશે. પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૮ માટે જીડીપીનું નવું અનુમાન હવે ૪.૯૬ ટ્રિલિયન ડોલર છે, જે પહેલાંના ૫.૧૫ ટ્રિલિયન ડોલરના અંદાજ કરતાં લગભગ ૨૦૦ અબજ ડોલર ઓછું છે. વધુમાં, ૨૦૨૩માં આઈએમએફએ નાણાકીય ૨૦૨૮ માટે ૫.૯૬ ટ્રિલિયન ડોલરનો અંદાજ મૂક્યો હતો, એટલે કે બે વર્ષમાં કુલ અડધા ટ્રિલિયન ડોલરનું રિવિઝન-ડાઉન જોવા મળ્યું છે.

સ્વાગત ઓનલાઈન

### ટેકનોલોજીના માધ્યમથી લોકસમસ્યાનો ઉકેલ

# 'સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ' પોરબંદરના મોડદરના ગ્રામજનો માટે આશીર્વાદરૂપ સાબિત થયો

## 'સ્વાગત કાર્યક્રમ'માં કરેલી રજૂઆતનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ચાર દિવસમાં નિરાકરણ !

• ગાંધીનગર

ગુજરાતમાં લોકપ્રિય બનેલો 'સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ' છેવાડાના લોકોના પાયાના પ્રશ્નોનું કાયમી નિરાકરણ લાવી રહ્યો છે. તેનું ઉદાહરણ છે - પોરબંદર જિલ્લાના મોડદર ગામનો કિસ્સો.

પોરબંદરના કુતિયાણા પાસે 1200ની વસ્તી ધરાવતું નાનકડું ગામ - મોડદર આજે ખુશ છે. તેનું કારણ છે -સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ.

વાત વિગતે. મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં પોરબંદરના મોડદર ગામના લખમણભાઈ મોડદરા અન્ય ખેડૂતોએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ તેમના ગામના રસ્તાનો પ્રશ્ન રજૂ કર્યો. મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનોને ધ્યાનથી સાંભળ્યા. ગામની રજૂઆત હતી કે તેમને કુતિયાણા પહોંચવા માટે રસ્તો અને બ્રિજ બનાવી આપવામાં આવે.

મુખ્યમંત્રી ને લાગ્યું કે, ગ્રામજનોનો પ્રશ્ન વાજબી છે. અને તેનાથી ખેડૂતો, વિદ્યાર્થીઓ અને અન્ય ગ્રામજનોની સુખાકારી વધશે. તેમને તરત જ રૂ. 9 કરોડ મંજૂર કર્યા. રસ્તા અને પુલનું કામ મંજુર કરી તાત્કાલિક ધોરણે કામગીરી કરવા સૂચના આપી હતી. હવે મોડદર અને પસવારી ગામ વચ્ચે માઈનોર બ્રિજ, કલવર્ટ અને ત્રણ કિમી રસ્તાની કામગીરી શરૂ થશે. આ કા. માટે 9 કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

મુખ્યમંત્રી સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં ગામના પ્રશ્નનું નિરાકરણ આવતા ગ્રામજનો ભાવવિભોર બન્યા છે. શ્રી લખમણભાઈ કહ્યું : ' અમે મુખ્યમંત્રીને મળીને ગામડે પહોંચ્યા




ત્યાં ચોથા જ દિવસે સીએમ કાર્યાલયમાંથી ફોન આવ્યો કે તમારા પ્રશ્નનું નિરાકરણ થઈ ગયું છે.એટલું જ નહીં પરંતુ આ કામગીરી માટે રૂપિયા નવ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી દેવામાં આવી છે. અમારા નાના ગામ માટે આ બહુ મોટી વાત છે.'

લક્ષ્મણભાઈ કહે છે કે છેલ્લાં અનેક વર્ષોથી ગામ લોકોની એવી લાગણી હતી કે કુતિયાણા જવા માટે રસ્તો અને બ્રિજ બને. હાલ ચારેક ગામ પાસે વટાવીને જવું પડે છે. જેનું અંતર 20 કિમી છે. વળી નદીના સામા કાંઠે ૧૦૦ થી વધુ ખેડૂતોના ખેતરો છે. આ ખેતરો એ પણ ફરી ફરીને જવું પડે છે. ખેડૂતો ટૂંકા રસ્તાનો ઉપયોગ કરતા, પણ જીવ જોખમમાં મૂકીને.

લક્ષ્મણભાઈ કહે છે કે, ગ્રામજનો માલ ઢોર સાથે નદીમાં ઉતરી ખેતરે જતા. ક્યારેક તરાપાનો ઉપયોગ કરતા.જેથી ડૂબવાનો હંમેશા ભય રહે.આ સમસ્યામાંથી હવે મુક્તિ મળશે.

આ ગામ ઘેડ વિસ્તારનું. એટલે આ ગામમાં આઠ મહિના નદીમાં પાણી ભરાયેલું રહે અને ચાર મહિના જ રસ્તો ખુલ્લો રહે. ગામ લોકોએ સૌપ્રથમ આ પ્રશ્ન જિલ્લા સ્વાગતમાં રજૂ કર્યો. પોરબંદર કલેક્ટર અડચણો દૂર કરાવીને જૂનો રસ્તો ખુલ્લો કરાવ્યો.પરંતુ ગ્રામજનોની માંગણી નદી પર પુલની હતી. આ અંગે મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં સમસ્યા રજૂ થઈ. અને તેનો ઉકેલ આવ્યો.મોડદરના શ્રી રમેશભાઈ કરંગીયા જણાવે છે કે આ રસ્તો અમારા માટે જીવાદોરી સમાન બની રહેશે. વિદ્યાર્થીઓને સ્કૂલ નજીક થશે, ખેડૂતોને ખેતર. અને જ્યાતે દર્દીને ઝડપી સારવારની જરૂર હશે, ત્યારે તેને દવાખાને પહોંચાડી શકાશે. જેથી તે જીવ પણ બચાવી શકે.મોડદરના માલધારી રાણાભાઈ કટારા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે આપેલા આવકાર ને આજે પણ યાદ કરે છે. તે હર્ષ વ્યક્ત કરતા કહે છે 'મુખ્યમંત્રીશ્રી અમારો પ્રશ્ન સમજ્યાં અને તરત ઉકેલ લાવ્યા. તેનો સંતોષ છે. '

મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં મોડદર જેવા અનેક ગામો -શહેરોના નાગરિકોની સમસ્યાનું સમાધાન થાય છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતમાં જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે શરૂ થયેલો 'સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ' આજે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વધુ તેજ ગતિએ આગળ ધપી રહ્યો છે. 'નાગરિક દેવો ભવ:' ના વિચારને વાસ્તવિક સ્વરૂપ આપે છે.

### યુવકનું ઘટના સ્થળે મોત નીપજ્યું : પરિવારમાં ઘેરા શોકની લાગણી છવાઈ

# વિરમગામ-માલવણ હાઈવે પર વણી ગામ નજીક બંધ ટ્રક પાછળ બાઈક અથડાતા યુવકનું મોત

કરુણાંતિકા

### મૃતક પાટડીના હેબતપુર ગામનો રહેવાસી, વિરમગામ રૂરલ પોલીસે તપાસ હાથ ધરી

ડુમાણા : વિરમગામ-માલવણ હાઈવે પર વણી ગામ નજીક રેલવે ટ્રેક પરના ઓવરબ્રિજ પર આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં બાઈક સવાર યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, રવિવારે સાંજે ઓવરબ્રિજ પર એક ટ્રક બંધ હાલતમાં ઊભી હતી. આ સમયે પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલું બાઈક બંધ ટ્રક સાથે ધડાકાભેર અથડાયું હતું. અકસ્માતમાં બાઈક સવાર રાજેશ ઉર્ફે રાજુભાઈ બિજલભાઈ કેહડિયા (રહે. હેબતપુર ગામ, તા. પાટડી)નું ગંભીર ઈજાઓથી ઘટનાસ્થળે જ મોત થયું હતું. બનાવની જાણ થતાં જ વિરમગામ રૂરલ પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં બાવળા નજીક હાવઈ પર ગેરકાયદે પાર્ક વાહન પાછળ પીકઅપ વાહન અથાડાતા અમદાવાદના કેટર્સના ચાર સભ્યના મોત નીપજ્યાં હતા.



# અનમોલ બિશ્નોઈને પાકિસ્તાની ગેંગસ્ટર દ્વારા માર્યા જવાનો ડર

### કોર્ટમાં બુલેટપ્રૂફ જેકેટ અને વાહન માંગ્યું

• નવી દિલ્હી

ખૂંખાર ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈએ સુરક્ષા અરજી દાખલ કરી છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે તેને પાકિસ્તાની ગેંગસ્ટર શહેઝાદ ભટ્ટી તરફથી તેના જીવને ગંભીર ખતરો છે, જે કથિત રીતે તેની તાજેતરની સોશિયલ મીડિયા પોસ્ટ્સને કારણે છે. અનમોલ હાલમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ની કસ્ટડીમાં છે, જેણે તેને યુનાઈટેડ સ્ટેટ્સથી દેશનિકાલ કર્યા પછી તેની અટકાયત કરી હતી.

અરજી અનુસાર, અનમોલ અને તેનો પરિવાર સતત ધમકીઓને કારણે 'સતત ભય, માનસિક આઘાત અને નિકટવર્તી ભયની આશંકા હેઠળ' જીવી રહ્યા છે. 'આવી ધમકીઓને હળવાશથી લઈ શકાય નહીં, કારણ કે તાજેતરની ઘટનાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે ઓનલાઈન ધમકીઓ વાસ્તવિક દુનિયાના હિંસક હુમલાઓમાં પરિણમી છે.'અરજીમાં, અનમોલે વિનંતી કરી હતી કે કોર્ટ તપાસ એજન્સીને NIA



મુખ્યાલય અને કોર્ટ વચ્ચેના પરિવહન દરમિયાન તેને પૂરતી સશસ્ત્ર સુરક્ષા પૂરી પાડવાનો નિર્દેશ આપે. 'આરોપીને શારીરિક પ્રદર્શન દરમિયાન બુલેટપ્રૂફ વાહન અને બુલેટપ્રૂફ જેકેટમાં લઈ જવા માટે NIAને નિર્દેશો જારી કરવામાં આવે અને શક્ય તેટલી વહેલી તકે ધમકીની ધારણા અને સુરક્ષા મૂલ્યાંકન કરવા માટે સંબંધિત સત્તાવાળાઓને નિર્દેશો જારી કરવામાં આવે,' 27 નવેમ્બરના રોજ દાખલ કરાયેલી અરજીમાં વાંચવામાં આવ્યું હતું.

તેણે કોર્ટને વિનંતી પણ કરી હતી કે તે સંબંધિત સત્તાવાળાઓને બિશ્નોઈના 'ખતરાની ધારણા' અને 'સુરક્ષા મૂલ્યાંકન' કરવાનો આદેશ આપે.

શનિવારે, કદાચ પહેલી વાર, સ્પેશિયલ જજ (NIA) પ્રશાંત શર્માએ નિયમિત કોર્ટને બદલે NIA હેડક્વાર્ટરની અંદર સુનાવણી હાથ ધરી હતી અને અનમોલની કસ્ટડી 5 ડિસેમ્બર સુધી લંબાવવાનો આદેશ આપ્યો હતો.

અગાઉ, 19 નવેમ્બરના રોજ, અનમોલને 11 દિવસની NIA કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો.

NIAના સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રાહુલ ત્યાગીએ જણાવ્યું હતું કે બચાવ પક્ષની વિનંતી પર હેડક્વાર્ટરની અંદર સુનાવણી યોજાઈ હતી.

# નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાનો ભાઈ દારૂ સાથે ઝડપાયો

### નર્મદા જિલ્લામાં આમ આદમી પાર્ટી (AAP)ના ભારે ખળભળાટ : સાંસદ મનસુખ વસાવાએ કર્યા પ્રહાર

• નર્મદા

ફરીએકવાર આમ આદમી પાર્ટી પર દાગ લાગ્યો છે, નર્મદા જિલ્લા AAP પ્રમુખ નિરંજન વસાવાના ભાઈ વીરભદ્ર સિંહ (ભદ્રેશ) વસાવાને નર્મદા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) દ્વારા બાતમીના આધારે દારૂની હેરાફેરી કરતા ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસને તેની પાસેથી દારૂની 11 બોટલ મળી આવી છે. જો કે, આ મામલો બહાર આવતાં જ ભાજપના સાંસદ મનસુખ વસાવાએ આમ આદમી પાર્ટી પર ગંભીર આક્ષેપો કર્યો હતા.

આ મામલે પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, નર્મદા જિલ્લા LCBએ રેડ કરીને AAP જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાના ભાઈ વીરભદ્ર સિંહ વસાવાને દારૂ સાથે પકડી પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ અગાઉ પણ તે દારૂની હેરાફેરી કરતા ઝડપાયો હોવાનું બહાર આવ્યું છે.

આ ઘટના પર પ્રતિક્રિયા આપતા ભરૂચના ભાજપ સાંસદ મનસુખ વસાવાએ આમ આદમી પાર્ટી પર નિશાન સાધ્યું અને ગંભીર આરોપ લગાવ્યા તેમણે દાવો કર્યો કે, 'માત્ર 11 બોટલ મળી છે, પણ 5 પેટી દારૂ હતો, જે સગેવગે કરી દેવામાં આવ્યો છે. એક બાજુ AAPના લોકો દારૂનો ધંધો કરે છે અને ધારાસભ્ય ચૈતર વસાવા પોલીસના માથે માછલાં ધોવે છે. આ એક પ્રકારનો સ્ટંટ છે. AAPના ચાવવાના દાંત જુદા અને બતાવવાના જુદા છે.

સાંસદ મનસુખ વસાવાએ AAPના અન્ય નેતાઓ પર પણ નિશાન સાધ્યું. તેમણે દાવો કર્યો કે, 'નિરંજન વસાવાએ હોદ્દાના લઈને સરકારી જમીનમાં ગેરકાયદે હોટેલ અને મકાન બનાવી દીધું છે, જે બે નંબરના ધંધા દ્વારા બનાવવામાં આવ્યું છે.' તેમણે આરોપ લગાવ્યો કે નિરંજન વસાવા લોકોને ડરાવી-ધમકાવીને પૈસા પડાવવાના ધંધા કરે છે. દેડીયાપાડા તાલુકાના પ્રમુખ દેવેન્દ્ર વસાવા પર પણ અધિકારીઓને ધમકાવીને પૈસાની માંગણી કરતો ઓડિયો વાઈરલ થયો હોવાનો ઉલ્લેખ કર્યો.

## દુષ્કર્મના આરોપી નારાયણ સાંઈ પાસેથી મળ્યો ફોન, મોબાઈલ-બેટરી-સિમકાર્ડ મળતા ગુના નોંધાયો

• સુરત

આશારામ બાપુનો પુત્ર નારાયણ સાંઈની મુશ્કેલીમાં વધારો થયો છે. છેલ્લા કેટલાક સમયથી દુષ્કર્મ કેસમાં નારાયણ સાંઈ સુરત જેલમાં બંધ છે. ત્યારે નારાયણ સાંઈના બેરેકમાંથી મોબાઈ મળ્યો છે. દુષ્કર્મ કેસના આરોપી નારાયણ સાંઈ સામે પણ ગુનો નોંધાયો છે. જેલમાં પ્રતિબંધિત વસ્તુઓ રાખવા બદલ ગુનો દાખલ કર્યો છે. પ્રાપ્તથતી માહિતી અનુસાર જેલમાં ચેકિંગ વખતે મોબાઈલ, બેટરી, સિમકાર્ડ મળ્યું હતું. દરવાજા સાથે ચુંબકથી મોબાઈલ ચોંટાડીને રાખ્યો હોવાનું સામે આવ્યું છે. મોબાઈલની બેટરી અને સિમકાર્ડ પણ બેરેકમાંથી જપ્ત કરવામાં આવ્યું છે.

સુરતની લાજપોર જેલમાં બંધ નારાયણ સાંઈના બેરેકમાં સરપ્રાઈઝ ચેકિંગ વખતે મોબાઈલ, મોબાઈલની બેટરી અને સીમકાર્ડ ત્રણે અલગ અલગ જગ્યાએથી મળી આવ્યા હતા. મોબાઈલમાં લગાવવામાં આવતી બેટરી દરવાજાના નકૂચા પાછળ છુપાવેલી મળી હતી. તો ઈનહેલર્સમાં છુપાવેલું સિમકાર્ડ પણ મળી આવ્યું હતુ. સચિન પોલીસમાં મથકમાં નારાયણ સાંઈ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. હવે જેલમાંથી પ્રતિબંધિત વસ્તુઓ મળતા જેલની આંતરિક સુરક્ષા સામે સવાલ ઉઠ્યા છે. મોબાઈલ અને સીમકાર્ડ જેલમાં કેવી રીતે પહોંચ્યો તે સવાલ છે. ફોન પહોંચાડવામાં કોણે મદદ કરી અને ફોનનો ઉપયોગ કયા હેતુસર કરવામાં આવ્યો તે અંગે તપાસ હાથ ધરી છે.

### ચક્રવાતી વાવાઝોડું 'દિટવાહ' ના કારણે

# NDRF હાઈ એલર્ટ પર, સંવેદનશીલ તમિલનાડુ જિલ્લાઓમાં વિશેષ ટીમો તૈનાત

• ચેન્નાઈ

ભારતીય હવામાન વિભાગે રવિવારે આંધ્રપ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે.

'આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારો અને તમિલનાડુ પુડુચેરી અને કરાઈકલમાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે,' હવામાન વિભાગે વરસાદની ચેતવણીમાં જણાવ્યું હતું.તેણે રાયલસીમામાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ અને કેરળ, માહે અને તેલંગાણામાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે.ભારતીય હવામાન વિભાગે આજે તમિલનાડુ અને આંધ્રપ્રદેશના અલગ અલગ ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. 'આજે (૩૦ નવેમ્બર) તમિલનાડુ અને દરિયાકાંઠાના આંધ્રપ્રદેશમાં ભારે વરસાદ પડી શકે છે,' હવામાન વિભાગે X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

IMD એ વધુમાં જણાવ્યું હતું કે ૩૦ નવેમ્બર અને ૧ ડિસેમ્બરના રોજ તમિલનાડુ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યાનમ, રાયલસીમા અને તેલંગાણામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.ચક્રવાત દિટવાહ ભારતીય ભૂમિની નજીક પહોંચતા તમિલનાડુના ચેન્નાઈના મરીના બીચ પર દરિયામાં ઉગ્ર સ્થિતિ જોવા મળી શકે છે. IMD દ્વારા તાજેતરના અપડેટ મુજબ, તોફાન ઉત્તર તમિલનાડુ-પુડુચેરી દરિયાકાંઠાથી લગભગ ૮૦ કિમીના ઓછામાં ઓછા અંતરે સ્થિત છે.

NDRF ના ડેપ્યુટી કમાન્ડન્ટ કપિલ કે એ જણાવ્યું હતું કે જો ચેન્નાઈમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાય તો રિસ્પોન્સ ટીમોને તેનો સામનો કરવા માટે સજ્જ કરવામાં આવી છે.'પૂર જેવી પરિસ્થિતિનો સામનો કરવા માટે, અમારી પાસે રબર બોટ છે, અમારી પાસે લાઈફ જેકેટ છે, અને અમારા માણસોને તબીબી પ્રાથમિક સારવાર આપવા માટે તાલીમ આપવામાં આવી છે,' ડેપ્યુટી કમાન્ડન્ટે જણાવ્યું હતું, અને ઉમેર્યું હતું કે કર્મચારીઓને દોરડાથી બચાવવા માટે પણ તાલીમ આપવામાં આવી છે.તમિલનાડુ-પુડુચેરી દરિયાકાંઠાની નજીક ચક્રવાત દિટવાહ આવતાં, ટેલિકોમ વિભાગે સંપર્કને સુરક્ષિત રાખવા માટે ચોવીસ કલાક કાર્યરત કંટ્રોલ રૂમ સ્થાપિત કર્યો છે.

દુલ્હા દુલહન ને નર્મદા માતાનાં આશીર્વાદ પણ મળે છે.સાથે સાથે મીની કાશ્મીર તરીકે ઓળખાતા અહીંના પ્રાકૃતિક સૌંદર્ય અદભુત નજારો માણવાનો લ્હાવો પણ મળે છે.આ પ્રદુષણ મુક્ત સૌંદર્ય થી છલોછલ શુદ્ધ તાજી હવા મળી રહે એવી શાંત સુંદર જગ્યા પણ લોકોના આકર્ષણ નું કેન્દ્ર બન્યું છે. એ ઉપરાંત આ વિસ્તાર ને ઈકો સિસ્ટમ ઝોન સાથે સંકળવામાં આવ્યું છે.એ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં સીઈઓ અમિત અરોરા પણ વડાપ્રધાન નાં વેડિંગ ઈન્ડિયા નાં સ્વપ્ન ને સાકાર કરવાએમની દેખરેખ હેઠળ વેડિંગ ને પ્રમોટ કરવા માટે ફ્રી બસ સેવા ફ્રી પીકપ અપાય છે.આ સુવિધા લોકોને પસંદ આવી રહી છે આ બધી સુવિધાઓ થી આકર્ષાઈને વેડિંગ સીરીયમની માટે લાઈન લાગી રહી છે આયોજકો પાસે એડવાન્સ હાઉસ ફૂલ મેરેજ પ્રોગ્રામ એન્ગેજ થઈ ગયા હોવાથી નવી તારીખો મળવી મુશ્કેલી થઈ પડ્યું છે.

હાલ ચંદીગઢ પંજાબ હૈદરાબાદ થીમારવાડી સમાજ નાં લોકો રાજસ્થાન થીલોકો આવી રહ્યાં છે અહીં ગુજરાતથી આવનારા જૈન સમાજનાં લોકો વધારે આવે છે. ભારતભરમાંથી મુંબઈ, પુના થી અને વિદેશો માંથી મેરેજ માટે હવે ટેન્ટ સીટી માં આવી રહ્યાં છે.ફ્રાન્સ ચાઈનાથીપણ ભારતવાસીઓ પોતાના લગ્ન સમારંભને યાદગાર બનાવવા આવતા હોઈ ટેન્ટ સીટી બેસ્ટ વેડિંગ ડેસ્ટીનેશન બની ગયું છે.લોકો કહી રહ્યાં છે હવે વિદેશ માં મેરેજ કરવાની કોઈ જરૂર નથી ભારતમાં જ બેસ્ટ વેડિંગ ઈવેન્ટ થતા હોય તો બહાર જવાની શી જરૂર હવે વિદેશી ઓજ ભારતમાં આવી રહ્યાં છે ત્યારે વડાપ્રધાન નું વેડિંગ ઈન્ડિયા કન્સેપટ હવે સાચા અર્થમાં સાકાર થઈ રહ્યો છે એકતાનગર ટેન્ટ સીટી હવે સાચા અર્થમાં લોક આકર્ષણ નું કેન્દ્ર બન્યું છે.

---

### ધાણા-ફુદીનાની ચટણી સાથે લીંબુ-મરીની સેવનો ટેસ્ટ પણ માણવા મળે છે

# શિયાળાની જમાવટ: ડભોઈ-વડોદરા સ્ટેચ્યુ ઓફ યુનિટી માં માર્ગે પોંકનું વેચાણ શરૂ

**માવઠાની માર** કમોસમી વરસાદને પગલે પોંકના ભાવમાં વધારોઃ ૮૦૦ માંથી ૧૦૦૦ પ્રતિ કિલો થયો

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ-વડોદરા માર્ગ પર આવેલા થુવાવી ગામના પાટીયા પાસે શિયાળાની ઋતુની શરૂઆત થતાં જ ગરમાગરમ પોંકની કુલ ૧૩ જેટલી હાટડીઓ (પોંક સેન્ટરો) ખૂલી ગઈ છે. ડભોઈથી સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતા માર્ગ પર આ પોંકની મિજબાની માણવા લોકો ઉમટી રહ્યા છે. ગયા વર્ષનો ભાવ: પોંકનો ભાવ ગયા વર્ષે આશરે ૮૦૦ પ્રતિ કિલો હતો. વર્તમાન ભાવ: આ વર્ષે કમોસમી વરસાદના કારણે પાકને મોટા પાયે નુકસાન થતાં પોંકના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે અને હાલમાં તે ૧૦૦૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યો છે. વિક્રેતાનો મત: થુવાવી ગામે પોંકની હાટડી ચલાવતા હીનાબેન ઘનશ્યામભાઈ પટેલએ જણાવ્યું કે કમોસમી વરસાદને કારણે આ વર્ષે પોંકનો ભાવ વધ્યો છે. પોંકની મિજબાની અને તૈયારી: સ્વાદ અને સુગંધ: તાજા-તાજા તૈયાર થતા મધ-મધતા પોંકની સોડમ લોકોને આકર્ષે છે અને મોંમાં પાણી લાવી દે છે. આ સુરતી વાની'ની જુવાર તૈયાર કરવામાં ખાસ કાળજી રાખવામાં આવે છે.સાથે પીરસાતી વસ્તુઓ: પોંક સાથે ગ્રાહકોને બે જાત ની ચટણી પીરસવામાં આવે છે:કોઠાતીખી ચટણી ધાણા-ફુદીનાની ચટણી સાથે લીંબુ-મરીની સેવનો ટેસ્ટ પણ માણવા મળે છે.પોંક પાડવા માટેની ભઠ્ઠીઓમાં (ઓગની ભઠ્ઠી) ડુંડાને શેકવામાં આવે છે. ત્યારબાદ કપડાની ગોળ લાંબી થેલીમાં ડુંડા ભરીને લાકડીથી મારીને પોંક પાડવામાં આવે છે, જેને મહિલાઓ દ્વારા સુપડાથી સાફ કરીને વેચવામાં આવે છે. વ્યવસ્થા: હાટડીઓ પર કાર ચાલકો, બાઈકસવાર, અને લક્ઝરી બસના પ્રવાસીઓ પોતાના પરિવારજનો સાથે આ ગરમાગરમ પોંક-સેવની જ્યાફત ઉડાડે તે માટે માંડવાઓમાં ખુરશી-ટેબલોની વ્યવસ્થા કરવામાં આવે છે.લોકપ્રિયતા: બાજરીના રોટલાથી મોં ફેરવતા લોકો પણ હોંશે-હોંશે પોંકનો સ્વાદ માણે છે. પ્રવાસીઓ અને એન.આર.આઈ.માં લોકપ્રિયતા:પ્રવાસીઓ માટેનું સ્થાન: થુવાવી ગામથી વડોદરા, નડિયાદ, ભરૂચ, સુરત, કરજણ, મુંબઈ-દિલ્હી અને ખાસ કરીને સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતા લોકો અહીં ઊભા રહીને પોંકની મજા માણે છે. NRI જોડાણ: વિદેશમાં રહેતા પરિવારો પોંકની સિઝનમાં ખાસ પોંક પેકિંગ કરાવીને મંગાવે છે. ઘણા NRI (બિન-નિવાસી ભારતીયો) પરત જતી વખતે પણ પોંક સાથે લઈ જવાનું ચૂકતા નથી. અન્ય પ્રસંગોમાં પોંક: ફાર્મ હાઉસ અને લગ્ન પ્રસંગ: ફાર્મ હાઉસની પાર્ટીઓ તેમજ લગ્નના રિસેપ્શનમાં ખાસ કરીને પોંકનો સ્ટોલ રાખવામાં આવે છે, સાથે ઊંધિયું અને મિષ્ટાન્ન પણ પીરસાય છે.



---

# ડભોઈ તાલુકાના વઢવાણા નજીક નર્મદા મોટી કેનાલમાં ૧૫ ફૂટનું મોટું ગાબડું

**તંત્રની ઘોર બેદરકારી : વાહનચાલકો-ખેડૂતો મુશ્કેલીમાં**

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના વઢવાણા ગામના છેવાડેથી પસાર થતી નર્મદાની મોટી કેનાલમાં છેલ્લા ઘણા સમયથી લગભગ ૧૫ ફૂટનું વિશાળ અને ઊંડું ગાબડું પડી ગયું હોવા છતાં નર્મદા નિગમના અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે. તંત્રની આ ઘોર બેદરકારીના કારણે અહીંથી અવરજવર કરતા વાહનચાલકો અને સ્થાનિક ખેડૂતો માટે મોટું જોખમ ઊભું થયું છે રાત્રિના સમયે અકસ્માતનો ખતરોઃ વાહનચાલકો પરેશાનવઢવાણા ગામના છેવાડે આવેલું આ ૧૫ ફૂટ ઊંડું ગાબડું રાત્રિના અંધારામાં વાહનચાલકો માટે ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે. આ કેનાલ પરથી પસાર થતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.અવરજવર કરતા લોકો માટે આ ગાબડું સતત જોખમકારક સાબિત થઈ રહ્યું છે. ખેડૂતોની ચિંતા વધીઃ ચોમાસામાં મોટું નુકસાન થવાની ભીતિ આ ગાબડું લાંબા સમયથી પડ્યું હોવાથી અને તે નર્મદાની મુખ્ય કેનાલ હોવાથી, જો તાત્કાલિક પૂરણ કરવામાં નહીં આવે તો કેનાલનું વધુ ધોવાણ થવાની પૂરેપૂરી શક્યતા છે. ધોવાણનો ભયઃ જો ધોવાણ વધશે તો કેનાલની દિવાલ તૂટશે.ખેતરોમાં પાણી:આવતા ચોમાસામાં આ ગાબડું મોટું થશે તો આસપાસના ખેતરોમાં પાણી ઘૂસી જવાની અને પાકને ભારે નુકસાન થવાની સંભાવના છે મુસીબતઃ ખેડૂતો માટે આ એક મોટી મુસીબત ઊભી કરી શકે છે. સ્થાનિક



લોકોની તંત્ર પાસે માંગ અહીંથી પસાર થતા વાહનચાલકો અને ખેડૂતોએ નર્મદા નિગમના અધિકારીઓ સમક્ષ સખત માંગણી કરી છે કે, કોઈ મોટી દુર્ઘટના થાય તે પહેલાં, વહેલી તકે આ ૧૫ ફૂટના મોટા ગાબડાનું પૂરણ કરવામાં આવે. સ્થાનિકોમાં સવાલ ઉઠી રહ્યો છે કે શું કોઈ મોટી દુર્ઘટના થશે, નિર્દોષ લોકોના જીવ જશે, ત્યારબાદ જ તંત્ર જાગશે નર્મદા નિગમ દ્વારા આ ગંભીર સમસ્યાને વહેલી તકે ધ્યાનમાં લઈને યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરવું અનિવાર્ય છે. આ મામલે તંત્ર વહેલી તકે કોઈ પગલાં લે છે કે કેમ, તેના પર સૌની નજર ટકેલી છે.

---

## રાશીફળ (તા.30-11-2025)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજનો દિવસ તમારા માટે નવા અવસર લઈને આવશે. કાર્યક્ષેત્રમાં તમારી ઊર્જા અને આત્મવિશ્વાસ વધશે. કોઈ મહત્વપૂર્ણ વ્યક્તિ સાથે મુલાકાત ફાયદાકારક બનશે. |
| વૃષભ (બ.વ.ઉ) | આજે તમે માનસિક રીતે સંતુલિત અને સકારાત્મક અનુભવશો. પરિવારમાં આનંદનું વાતાવરણ રહેશે. નોકરી કે વ્યવસાયમાં સ્થિરતા રહેશે. |
| મિથુન (ક.છ.ઘ) | આજે તમારો સંવાદકૌશલ્ય તમારી સૌથી મોટી શક્તિ બનશે. કોઈ મહત્વપૂર્ણ પ્રોજેક્ટમાં મળેલી સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. |
| કર્ક (ડ.હ) | આજે તમે ભાવનાત્મક રીતે થોડા સંવેદનશીલ રહી શકો છો. પરિવારનો સહકાર મળવાથી મન શાંત રહેશે. કારકિર્દીમાં નવી જવાબદારી મળી શકે છે જે આગળ જઈને લાભદાયક સાબિત થશે. |
| સિંહ (મ.ટ) | આજનો દિવસ આત્મવિશ્વાસથી ભરેલો રહેશે. નોકરીમાં પ્રશંસા કે પ્રમોશન મળી શકે છે. વેપારીઓ માટે દિવસ અનુકૂળ છે. કોઈ જૂની સમસ્યા આજે ઉકેલી શકાય છે. |
| કન્યા (પ.ઠ.ણ) | આજે તમારું ધ્યાન કામ પર વધારે રહેશે. અનુશાસન અને આયોજનથી કામ કરશો તો સફળતા નિશ્ચિત છે. આર્થિક સ્થિતિ સારી રહેશે, પરંતુ ખર્ચામાં વધારો થઈ શકે છે. |
| તુલા (ર.ત) | આજે સર્જનાત્મક કાર્યોમાં સફળતા મળશે. કોઈ નવા પ્રોજેક્ટ અથવા કામની શરૂઆત માટે દિવસ ઉત્તમ છે. મિત્રોથી સહકાર મળશે. આર્થિક મામલામાં સમજદારીથી નિર્ણય લો. |
| વૃશ્ચિક (ન.ય) | આજે કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેતાં સાવધાની રાખો. આર્થિક લાભ મળી શકે છે, પરંતુ ખર્ચ પણ વધશે. પરિવારમાં કોઈ મુદ્દે ચર્ચા થઈ શકે છે, તેથી ધીરજ રાખો. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | આજનો દિવસ નવા અવસર અને સકારાત્મક બદલાવોથી ભરેલો રહેશે. પ્રવાસના યોગ શુભ છે અને લાભદાયી બનશે. |
| મકર (ખ.જ) | આજે કામની વ્યસ્તતા વધુ રહેશે. જવાબદારીઓ પૂરી કરવામાં સમય જશે, પરંતુ પરિણામ તમારા પક્ષમાં આવશે. આર્થિક મામલામાં સાવધાની રાખો. |
| કુંભ (ગ.શ.સ.ષ) | આજે તમારા વિચારોની સ્પષ્ટતા તમને ખાસ બનાવશે. કામની જગ્યા પર નવી યોજના બનેલી જોવા મળશે, જેમાં તમારી ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | આજનો દિવસ આધ્યાત્મિક્તા અને આત્મચિંતનનો રહેશે. મન શાંત રહેશે અને કામમાં વધુ ધ્યાન આપી શકશો. આર્થિક મામલામાં સુધારો થશે. |

---

# ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના હસ્તે ડીંડરોલ થી મેથાણ માર્ગનું ખાતમુહૂર્ત કરાયું

### સમાજવાડીનું ખાત મુહૂર્ત પણ કરાયું



• સિદ્ધપુર

સિધ્ધપુરના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે બે મહત્વપૂર્ણ વિકાસ કાર્યોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું જેમાં (૧)ડીંડરોલથી મેથાણ સુધીના ૩.૫ કિ.મી. માર્ગના રૂ.૩૪૦ લાખના ખર્ચે થનારા નિર્માણ કાર્યનું તથા (૨) ડીંડરોલ ગામે રૂ. ૧૦ લાખના ખર્ચે બનનાર સમાજવાડીનું ખાતમુહૂર્તનું કરવામાં આવ્યું આ બંને પ્રોજેક્ટ ગામના વિકાસયાત્રામાં માઈલ સ્ટોન સમાન છે.

આપ્રસંગે ઉદબોધન કરતાં ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, ડીંડરોલ-મેથાણ નવા માર્ગના નિર્માણથી ગામ અને આસપાસના વિસ્તારો વચ્ચેની કનેક્ટિવિટી વધુ સુગમ બનશે. રોજિંદી પરિવહનમાં સરળતા, સમયની બચત અને ગ્રામીણ વસ્તુઓના વાહનવ્યવહારમાં સુવિધાઓમાં વધારો થશે. આ માર્ગ સ્થાનિક વેપાર, શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગાર સાથે જોડાયેલા કાર્યોને પણ વધુ ગતિ આપશે. કે ઉપરાંત ડીંડરોલ સમાજવાડી (Community Hall) નિર્માણથી ગામના સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોને એક આધુનિક અને સુવિધાસભર સ્થળ પ્રાપ્ત થશે. લગ્નપ્રસંગ, સામૂહિક કાર્યક્રમો, મીટિંગો અને સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ હવે વધુ વ્યવસ્થિત અને ભવ્ય રીતે આયોજન કરી શકાશે. આ પ્રોજેક્ટ ગામની એકતાને મજબૂત કરતો અને સમાજજીવનને સમૃદ્ધ બનાવતો સાબિત થશે.

આ પ્રસંગે મુકેશભાઈ ચૌધરી, અભુજી ઠાકોર, દિલીપજી ઠાકોર, પિનાકીનભાઈ ચોધરી, ધનજીભાઈ, પ્રતાપજી ઠાકોર, વિક્રમસિંહ ઠાકોર, ભરતસિંહ ઠાકોર, કેસરભાઈ ચૌધરી, અબ્બાસભાઈ અસામદી, રેવાભાઈ દેસાઈ, જાવેદભાઈ, ચમનભાઈ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.



# ડાંગના આહવા માર્ગ પરના દબાણો દબાણકર્તાઓ જાતે જ દૂર કરી દીધા

### ડાંગ જિલ્લાના સ્ટેટ માર્ગ મકાન ના અધિકારી કેતન કુકણા અને તેમની ટીમની ખુબ સરાહનીય કામગીરી

• આહવા.



ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) હસ્તકના માર્ગો પર થયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે વિભાગ દ્વારા સપાટો બોલાવવામાં આવ્યો છે. 'પહાડી તુફાન' અખબારના અહેવાલ બાદ રસ્તાની હદમાં કે તેને અડીને લારી-ગલ્લાં, પાકાં બાંધકામો અને અન્ય દબાણો ઊભા કરનારા દુકાનદારો અને ફેરિયાઓ જાતે દબાણ હટાવી રહ્યા છે માર્ગ મકાન વિભાગ દ્વારા નોટીસમાં સ્પષ્ટ જણાવાયું હતું કે સોમવાર સુધીમાં આ દબાણો સ્વૈચ્છિક રીતે હટાવી લેવા, અન્યથા વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરીને દબાણ દૂર કરવામાં આવશે અને તેનો ખર્ચ પણ દબાણકર્તા પાસેથી વસૂલવામાં આવશે. આ કડક કાર્યવાહીના પગલે દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો છે. લાંબા સમયથી આ દબાણોને કારણે ટ્રાફિકની સમસ્યા અને રાહદારીઓને મુશ્કેલી પડતી હતી. નોટીસ મળ્યા બાદ, શનિ અને રવિવારે ઘણા દબાણકર્તાઓ પોતે જ દબાણ હટાવી રહ્યા છે. જે દબાણો યથાવત રહેશે તેને માર્ગ અને મકાન વિભાગ આજે દૂર કરશે.

## પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની 55 ફિરકી સાથે બે શખ્સો ઝડપાયા

નડિયાદ : ઉતરાયણને આડે એક મહિનો બાકી છે ત્યારે જીભઈપુરાની સીમમાંથી અને ફિણાવ ભાગોર બે અલગ અલગ વિસ્તારમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની ૫૫ ફિરકી સાથે બે યુવકો ઝડપાયા હતા. આ મામલે પોલીસે બંને યુવકો સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મહેમદાવાદ પોલીસ શનિવારની સાંજે પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન જીભઈપુરાની સીમ નજીક એક યુવક પ્રતિબંધિત ચાઈનીઝ દોરી વેચતો હોવાની બાતમી મળી હતી. જે આધારે પોલીસે રેડ પાડતા જીભઈપુરામાંથી હિતેશ રમેશભાઈ ચુનારાને કિંમત રૂપિયા ૧૦,૫૦૦ની પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની ૩૫ ફિરકી સાથે ઝડપી પાડયો હતો. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે બીજા બનાવમાં મહુધા પોલીસે મહુધા ફીણાવ ભાગોર વિસ્તારમાં થેલી લઈને ઉભેલા શખ્સની પૂછપરછ કરતા શખ્સે સોહીલ મોહમ્મદ બસીર મોહમ્મદ મલેક હોવાની ઓળખ આપી હતી. તેમજ તેની પાસેની થેલીમાંથી કિંમત રૂપિયા ૧૬,૦૦૦ની પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની ૨૦ ફિરકી અને રોકડ રકમ રૂ.૨૦૦ મળી આવ્યા હતા. આ બનાવ અંગે મહુધા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**ગૌરવ** વેરાવળ- સોમનાથ યુનિવર્સિટીના યોગા ડિપ્લોમા પરિણામમાં

# ગોઢાણીયા યોગા કોલેજનો શ્રેષ્ઠ વિજય; શ્રેષ્ઠ છાત્રોનો ઉસ્મા વસ્ત્ર અને પ્રમાણપત્રથી સન્માન

### શિક્ષણમાં તેજસ્વિતા માટે તન-મનનું સ્વાસ્થ્ય અનિવાર્ય, યોગ જ જીવનનો આધાર : ડૉ. વિરમભાઈ ગોઢાણીયા

• વિરમભાઈ કે. આગઠ પોરબંદર







પોરબંદરની ડૉ. વી. આર. ગોઢાણીયા યોગા કોલેજ ખાતે વેરાવળ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા ડિપ્લોમા ઈન યોગા અભ્યાસક્રમમાં શ્રેષ્ઠ પરિણામ લાવનાર અને યોગક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર છાત્રોનો અદકેરો અભિવાદન સન્માન સમારંભ યોજાયો હતો. માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત આ સંસ્થા દ્વારા શ્રેષ્ઠ પરિણામ આવતાં છાત્ર-છાત્રાઓ, વાલીઓ તથા સ્ટાફમાં હર્ષની લાગણી છવાઈ હતી.કોલેજના કોરડિનેટર જીવાભાઈ ખૂંટી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ ગોઢાણીયા યોગા કોલેજ વર્ષ ૨૦૨૦-૨૧થી કાર્યરત છે અને હાલમાં ચોથા વર્ષે પ્રવેશ કર્યો છે. સવારે ૭ થી ૯ વચ્ચે ચાલતા એક વર્ષીય ડિપ્લોમા અભ્યાસક્રમમાં ડોકટરો, પ્રોફેસરો, સરકારી કર્મચારીઓ, એન્જીનિયરો, વેપારીઓથી લઈ ગૃહિણીઓ અને વિદ્યાર્થીઓ સુધી વિવિધ ક્ષેત્રના લોકો ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે અને દેશ-વિદેશમાં આત્મનિર્ભર બની રોજગારી પણ મેળવી રહ્યા છે.આ પ્રસંગે ગોઢાણીયા મહિલા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કેતનભાઈ શાહે જણાવ્યું હતું કે યુનિવર્સિટીના પરિણામોમાં વિદ્યાર્થીઓ સતત શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરી રહ્યા છે, જે સંસ્થાનું ગૌરવ છે.સમારંભના મુખ્ય વક્તા તથા ટ્રસ્ટ પ્રમુખ, દાતા અને શિક્ષણપ્રેમી ડૉ. વિરમભાઈ ગોઢાણીયાએ યોગના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક લાભ સમજાવતાં જણાવ્યું કે –"આધુનિક ભાગદોડભર્યા જીવનમાં તણાવ, ચિંતા અને વ્યગ્રતા વચ્ચે યોગ જ જીવનમાં પ્રકાશ લાવે છે. વિદ્યાર્થીઓની બુદ્ધિને સતેજ બનાવવા અને શિક્ષણમાં તેજસ્વિતા લાવવા યોગ અત્યંત આવશ્યક છે."તેમણે શ્રેષ્ઠ પરિણામ લાવનારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.આ સન્માન સમારંભમાં ભાવિકા બેન રાતિયાં પ્રથમ, હર્ષા બેન જૂંગી દ્વિતીય અને રામભાઈ વિસાણા તથા માધુરીબેન પંજવાણી તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર તરીકે સન્માનિત થયા હતા.સમારંભમાં શ્રીમતિ જયશ્રીબેન ગોઢાણીયાએ મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનના સંદર્ભે યોગ-ધ્યાનનું મહત્વ સમજાવ્યું. ડૉ. ઈશ્વરલાલ ભરડાએ યોગ શિક્ષણ દ્વારા વ્યક્તિના સર્વાંગી વિકાસની ચર્ચા કરી.ગોઢાણીયા યોગા કોલેજમાંથી અત્યાર સુધી વિવિધ ક્ષેત્રના લોકો – અધિકારી, ડોકટરો, વકીલો, શિક્ષકો, પોલીસ જવાનો, ખેડૂતો સહિત અનેક યોગાભ્યાસ પૂર્ણ કરી પોરબંદરને યોગમય બનાવવામાં યોગદાન આપી રહ્યા છેઆ કાર્યક્રમમાં કોલેજના વિવિધ વિભાગોના પ્રિન્સિપાલો, ટ્રસ્ટીઓ, સ્ટાફ સભ્યોસમારંભમાં ઉપસ્થિત અગ્રણીઓઆ ભવ્ય સન્માન સમારંભમાં –પ્રિન્સીપાલ ડૉ. કેતનભાઈ શાહપ્રિન્સીપાલ ભાવના બેન અટારા (ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ), પ્રિન્સી પાલ શ્વેતાબેન રાવલ (ગર્લ્સ હાઈસ્કૂલ),એડમિનિસ્ટ્રેટર કિરણબેન ખૂંટી,વાલિબેન ખૂંટી,ડૉ. જયશ્રીબેન પરમાર અંગત સેક્રેટરી કમલેશભાઈ થાનકી,હિસાબ વિભાગ વડા વિજયભાઈ થાનકી,દીપેનભાઈ જોષી, અશોક ભાઈ જોષી,ભાવેશભાઈ મોઢાસહિત સંસ્થાનો વિશાળ પરિવાર ઉપસ્થિત રહ્યો.

2027માં ભાજપના અન્યાય અને અત્યાચારી શાસનનો અંત થશે : ડૉ. તુષારભાઈ ચૌધરી

# નરેન્દ્રભાઈ મોદીના વતન વડનગરમાં જ દારૂ અને ડ્રગ્સની રેલમછેલ છે : અમિતભાઈ ચાવડા

**જન આક્રોશ યાત્રા દિવસ 10** ખેડૂતોના સંપૂર્ણ દેવા માફી માટે નિર્ણાયક લડાઈ લડીશું : અમિત ચાવડા

• અમદાવાદ



જન આક્રોશ યાત્રાના દસમા દિવસની શરૂઆત ભાંડુ ખાતેથી થઈ. તે બાદ યાત્રા વડુ, વાલમ, તરભ, ઊંઝા, દાસઝ, ઉપરા, જાસ્કા, સૂંઢિયા, ખેરાલુ, મલેકપુર, લુણવા અને કહોડા માર્ગે સિદ્ધપુર તરફ આગળ વધી. યાત્રા દરમિયાન તરભ ખાતે વાળીનાથ મહાદેવ અને ઊંઝા ઉમિયાધામ ખાતે ઉમિયા માતાજીના કોંગ્રેસના આગેવાનોએ દર્શન કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા. યાત્રા દરમ્યાન રસ્તામાં સ્થાનિકોએ ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું. આ પ્રસંગે અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે ભાજપના રાજમાં મનરેગા યોજનામાં કૌભાંડો થઈ રહ્યા છે. ખેરાલુ તાલુકાના સરપંચો મનરેગા કૌભાંડમાં સરખી ન્યાયિક તપાસ નથી થઈ રહી અને લોકપાલ પણ કૌભાંડીઓને બચાવવા એકતરફી તપાસ કરી રહી હોવાની ફરીયાદો કરી રહ્યા છે, છતાં સરકાર ચૂપ છે. ઉપરાંત ઊંઝામાં કરોડો રૂપિયાનો ખર્ચ કરીને ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો, પરંતુ થોડા જ સમયમાં બ્રિજ પર ગાબડા પડી ગયા. ઊંઝા તાલુકામાં મોટા પાયે નકલી જીરાનું ઉત્પાદન અને વેચાણ થાય છે, લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થાય છે, છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી, કારણ કે આ સમગ્ર મામલામાં ભાજપ સરકાર અને તેના મળતિયાઓ સંકળાયેલા છે. આ સિવાય પાણીની ગંભીર સમસ્યા, તૂટેલા રસ્તાઓ, ગટરના પાણી રોડ પર આવવાની સમસ્યા, વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવી, નગરપાલિકાઓમાં ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર, સરકારી કચેરીઓમાં કમિશન વગર કામ ન થવું, સરકારી શાળાઓ અને હોસ્પિટલોમાં સુવિધાઓનો અભાવ અને સ્ટાફની ભારે કમી જેવી સમસ્યાઓનો લોકો રોજિંદો સામનો કરે છે. સરકાર માત્ર પોતાની તિજોરી ભરવામાં અને જનતાને લૂંટવામાં વ્યસ્ત છે. સરકારને જનતાની મુશ્કેલીઓની કોઈ પડતી નથી. CLP નેતા ડૉ. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે જનતા ભાજપના શાસનથી ત્રસ્ત થઈ ચૂકી છે, કારણ કે આ સરકાર કોઈની નથી. ભાજપના રાજમાં મોંઘવારી સતત વધી રહી છે, યુવાઓને રોજગાર મળતો નથી, સરકારી ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિઓ અને પેપર લીક થાય છે, જ્યારે ભાજપના નેતાઓના દીકરા-દીકરીઓ અને ભાઈ-ભત્રીજાઓને નોકરી મળે તેવા પ્રયાસો થાય છે. આવી સરકાર બદલવી હવે જરૂરી છે. આ પ્રસંગે CLP નેતા ડૉ. તુષારભાઈ ચૌધરી, સહપ્રભારી સુભાષિની યાદવ, ધારાસભ્ય જીગ્નેશ મેવાણી,મહેસાણા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બળદેવજી ઠાકોર, પ્રદેશ મહામંત્રી હિમાંશુ પટેલ, પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર, વરિષ્ઠ આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા.

# હુ મારા પૈસાથી સરકારી ગાડીમાં ડિઝલ પુરાવીને ફરવા આવ્યો છુ : મામલતદાર

### રજાના દિવસે આહવા મામલતદાર ની સરકારી જીપ મહારાષ્ટ્ર વણી પહોંચી



ડાંગ જિલ્લા કલેક્ટરના તાબા હેઠળ આવતી આહવા તાલુકા મામલતદાર કચેરીની સરકારી જીપ (નંબર GJ-30-G-4777) રવિવારની રજાના દિવસે મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં આવેલા વણી ખાતેના પ્રસિદ્ધ યાત્રાધામ સપ્તશૃંગીગઢ પહોંચી જતાં અનેક સવાલો ઊભા થયા છે.સામાન્ય રીતે સરકારી વાહનોનો ઉપયોગ માત્ર સત્તાવાર સરકારી કામકાજ માટે જ કરવાનો હોય છે. રજાના દિવસે આ સરકારી વાહનનું ગુજરાતની હદ છોડીને અંદાજે 80 કિલોમીટર દૂર મહારાષ્ટ્રના ધાર્મિક સ્થળે પહોંચવું એ સરકારી નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન સૂચવે છે. આ ઘટનાથી સરકારી વાહનોના અંગત ઉપયોગ અંગે વ્યાપક ચર્ચા શરૂ થઈ છે.સત્તાવાર સૂત્રો દ્વારા આ મામલે કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી, પરંતુ આ બાબતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. સરકારી વાહનોના દુરુપયોગ બદલ જવાબદાર અધિકારી સામે કેવા પગલાં લેવાય છે, તેના પર સૌની નજર ટકેલી છે આ બાબતે ડાંગ પ્રાંત અધિકારી, અધિક કલેક્ટર અને કલેક્ટર નો ટેલીફોનિક સંપર્ક કરતા તેમણે જવાબ આપવાની કે ફોન રિસીવ કરવા ની તસદી લીધી ન હતી. રણજીત મકવાણા આહવા મામલતદારે જણાવ્યું હતું કે, હું સરકારી વાહનમાં મારા પોતાના પૈસાનો પેટ્રોલ ભરીને આવ્યો છું પોતાના પૈસે પેટ્રોલ ભરીને તમે સરકારી વાહન નો ઉપયોગ કરી શકો છો તેવું જણાવ્યું હતું.

# ખેડૂતોને સમયસર અને પૂરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ કરાવવા આયોજન

### હાલમાં રાજ્યભરમાં ૨.૦૮ લાખ મે.ટન યુરીયા અને ૪૯ હજાર મે.ટન ડી.એ.પી.નો જથ્થો ખેડૂતો માટે ઉપલબ્ધ

• અમદાવાદ

ગુજરાતમાં રવિ ઋતુમાં રાજ્યના દરેક ખેડૂતને સમયસર અને પૂરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ થઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખાતર વિતરણનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. હાલ રાજ્યમાં ખાતરનો પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે, જેથી ખેડૂતોએ સહેજ પણ ચિંતા કરવાની જરૂર નથી. ભારત સરકારે રવિ ઋતુ માટે રાજ્ય સરકારને જરૂરિયાત મુજબનો પૂરતો ખાતરનો જથ્થો ફાળવ્યો હોવાથી ખેડૂતોને જરૂરીયાત મુજબ જ ખાતર ખરીદવા તથા વણજોઈતી ખરીદી ન કરવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. રાજ્યમાં હાલ દરેક જિલ્લાની જરૂરીયાતને ધ્યાને રાખીને સપ્લાય પ્લાન મુજબ ખાતરનો જથ્થો વિવિધ જિલ્લામાં વિતરણ કરવામાં આવી રહ્યો છે. ચાલુ રવિ ઋતુમાં એટલે કે, ઓક્ટોબર-૨૦૨૫ થી માર્ચ-૨૦૨૬ના સમયગાળા માટે ભારત સરકારે ગુજરાત માટે યુરીયા ખાતર કુલ ૧૩.૯૦ લાખ મેટ્રિક ટન અને ડી.એ.પી ખાતરના ૨.૯૦ લાખ મેટ્રિક ટન જથ્થાની ફાળવણી મંજૂર કરી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૫.૪૮ લાખ મેટ્રિક ટનથી વધુ યુરીયા અને ૨.૧૮ લાખ મેટ્રિક ટનથી વધુ ડી.એ.પી ખાતર રાજ્યમાં ઉપલબ્ધ થયું છે. ગુજરાતમાં ચાલુ રવિ સીઝન દરમિયાન અત્યાર સુધીમાં ખેડૂતો દ્વારા કુલ ૩.૪૪ લાખ મેટ્રિક ટનથી વધુ યુરીયા ખાતર અને ૧.૬૮ લાખ મેટ્રિક ટનથી વધુ ડી.એ.પી ખાતરનો વપરાશ કરવામાં આવ્યો છે. હાલમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં મળીને કુલ ૨.૦૮ લાખ મેટ્રિક ટનથી વધુ યુરીયા ખાતરનો અને ૪૯ હજાર મેટ્રિક ટનથી વધુ ડી.એ.પી ખાતરનો જથ્થો ખેડૂતો માટે ઉપલબ્ધ છે. આ ઉપરાંત છેલ્લા ત્રણ દિવસમાં રાજ્યમાં આશરે ૧૨,૫૦૦ મેટ્રિક ટન યુરીયા ખાતર રેલવે રેકના માધ્યમથી વિવિધ જિલ્લાઓમાં સપ્લાય કરવામાં આવ્યું છે,

## ડભોઈ પાસેથી કારમાં રૂા.4 લાખના દારૂ સાથે બૂટલેગર ઝડપાયો



• ફ કીરા ખત્રી ડભોઈ

ડભોઈ પોલીસ દ્વારા સ્કોર્પિયો કારમાં લઈ જવાતો વિદેશી દારૂના જથ્થાને ડભોઈના થરવાસા બ્રિજ નજીકથી ઝડપી પાડી રૂા. 4,06,722નો દારૂનો જથ્થો સહિત એકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ડભોઈ પીઆઈ કે જે ઝાલાને પાક્કી બાતમી મળી હતી કે એક મહિન્દ્રા કંપનીની સફેદ કલરની સ્કોર્પિઓ કાર ભાટપુર તરફથી આવી હાડોદ ચોકડી થઈ કરનેટ વાળા રોડે ડભોઈથી કાયાવરોહણ તરફ જવાની છે. જે બાતમી આધારે ડભોઈ પોલીસના જવાનો થરવાસા બ્રિજ નજીક વોચમાં હતા. તે દરમિયાન બાતને આધારની કાર આવતા તેને રોકી સાઈડમાં લેવડાવી તપાસ કરતા ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પ્લાસ્ટિકના કોટરીયા તેમજ બિયરના ટીન મળી કુલ 1686 બોટલ કિંમત રૂા. 4,06,722નો દારૂ મળી આવ્યો હતો. પોલીસે તેરસિંગ નાયકા ચૌહાણ રહેવાસી દરખડ લાકડીયા ફળિયુ તા. કાઠીવાડા જિ. અલીરાજપુર મ. પ્ર.ની ધરપકડ કરી. કુલ મુદ્દા માલ 5,59,722 નો કાર સહિતનો જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

5

# ભીખાપુરા આદિવાસી સાર્વજનિક હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓ ખોખો સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ વિજેતા

• ઈરફાન મકરાણી કદવાલ



કદવાલ તાલુકાની ભીખાપુરા આદિવાસી સાર્વજનિક હાઈસ્કૂલની બહેનોની ટીમે જબુગામ ખાતે રમાયેલી જિલ્લા સ્તરીય ખો ખો સ્પર્ધામાં સુંદર રમત રમી ભવ્ય વિજય મેળવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભઅંતર્ગત તા. જબુગામ સ્થિત સી.એન બક્ષી સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે ખો-ખોની બહેનો માટેની જિલ્લા સ્તરીય સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુંહતું આ સ્પર્ધામાં અંડર-૧૭ વયજૂથની બહેનોની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કુલ ૧૨ ટીમોએ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો હતો, જેમાં ખેલાડીઓએ રમતગમતની ભાવનાસાથે ઉત્કૃષ્ટપ્રદર્શન કર્યુંહતું દિવસભરના રોમાંચક મુકાબલા બાદ ફાઈનલ મેચ કદવાલ તાલુકાની ભીખાપુરા આદિવાસી સાર્વજનિક હાઈસ્કૂલની ટીમ અને છોટાઉદેપુરની પુનિયાવાંટ એકલવ્ય સ્કૂલની ટીમ વચ્ચે યોજાયો હતો. દર્શકોથી ખીચોખીચ ભરેલા મેદાનમાં આ મુકાબલો અત્યંત રસાકસીભર્યો રહ્યો હતો. આખરે, ઉત્કૃષ્ટ ટીમવર્ક અને કૌશલ્યના પ્રદર્શન સાથે કદવાલ તાલુકાની ભીખાપુરા આદિવાસી સાર્વજનિક હાઈસ્કૂલની ટીમે વિજય મેળવી જિલ્લા ચેમ્પિયનનું ગૌરવ પ્રાપ્ત કર્યુંહતું ટીમના સફળ પ્રદર્શન પાછળ શિક્ષકો દેસાઈ ધવલકુમાર ગટુભાઈ અને ગાવિત મહેશભાઈ ધીરજલાલનું સચોટ માર્ગદર્શન રહેલું હતું. આચાર્ય રાઠવા ચંપકભાઈએ વિજેતા ટીમને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ આપવામાં આવી હતી.

# ચાંદખેડા પોલીસ સ્ટેશનની ઈમારતથી યુવકે ઝંપલાવી આપઘાત કર્યો

## પારિવારીક ઝઘડાનું કરૂણ પરિણામ આવ્યું

• અમદાવાદ

અમદાવાદના ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં શનિવારે (29મી નવેમ્બર) રાતે એક શખસે આપઘાત કરતા ચકચાર મચી ગઈ છે. અહીં પત્ની અને બે પુત્રોએ પિતા સામે કરેલી પોલીસ ફરિયાદનું દુ:ખ લાગી આવતા ચાંદખેડા પોલીસ સ્ટેશનના ધાબા પરથી કૂદીને શખસે મોત વ્હાલું કર્યું હતું. મહત્ત્વનું છે કે, પોલીસે આ ઘટના અંગે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો છે.

મળતી માહિતી મુજબ, ચાંદખેડામાં વેલજીભાઈના કૂવા પાસે રહેતા સુરેશભાઈ બદાણીની શનિવારે બપોરે 12 વાગ્યાની આસપાસ તેમની પત્ની સાથે કોઈ પારિવારિક કારણોસર બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી બાદ તેમના પુત્ર પિયુષભાઈએ તાત્કાલિક પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરીને જાણ કરી હતી. આ પછી પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યાં સુરેશભાઈ સામે તેમના પત્ની અને બે પુત્રોએ ફરિયાદ નોંધાવી હતી. જે બાદ પોલીસકર્મીઓ પરિવારના ચારેય સભ્યોને વધુ કાર્યવાહી




માટે ચાંદખેડા પોલીસ સ્ટેશન લઈ આવ્યા હતા.

એટલું જ નહીં પોલીસ સ્ટેશનમાં પણ પતિ-પત્ની અને બે પુત્રો વચ્ચે ફરીથી ઝઘડો થયો હતો. જે બાદ બંને પુત્રએ તેમના પિતા સુરેશભાઈ સામે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પુત્ર દ્વારા નોંધાવવામાં આવેલી આ ફરિયાદથી સુરેશભાઈને ભારે દુ:ખ લાગી આવ્યું હતું. આ પછી સુરેશભાઈ અચાનક ચાંદખેડા પોલીસ સ્ટેશનના ધાબા પર ચડી ગયા હતા અને ત્યાંથી નીચે કૂદકો માર્યો હતો. જોતજોતામાં પોલીસ સ્ટેશનની અંદર રહેલા કર્મીઓને ધડાકાભેર અવાજ સંભળાતા તેઓ બહાર દોડી આવ્યા હતા. અને સુરેશભાઈ લોહીલુહાણ હાલતમાં જમીન પર પડ્યા હતા.


આ પછી પોલીસકર્મીઓએ તાત્કાલિક સુરેશભાઈને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન તેમનું કરુણ મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટના અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

છેતરપિંડી

### મકાન વેચીને અને પીએફમાંથી રૂપિયા ઉપાડીને ચૂકવ્યા

# અમદાવાદમાં યુવકને ફેસબુક પર મકાન ખરીદવું ભારે પડ્યું, 10 લાખ ચૂકવ્યા છતાં મકાન ન આપ્યું

## ફેસબુક પર મકાન વેચાણની જાહેરાત જોઈને ડીલ કરી



• અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યમાં છેતરપિંડીની ઘટનામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે વેજલપુરમાં રહેતાં એક યુવકને ફેસબુક પર જાહેરાત જોઈને મકાન ખરીદવું ભારે પડ્યું છે. ફેસબુક જાહેરાત જોઈને વાસણાના શખસ સાથે મકાન વેચાતું લેવાનું નક્કી કરી મકાન વેચી અને પીએફમાંથી રૂપિયા ઉપાડી ટૂકડે-ટૂકડે રૂપિયા ચૂકવ્યા હતા અને અંતે 10 લાખ રૂપિયાની છેતરપિંડી થતાં યુવકે વાસણા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી કરનારા માતા અને પુત્ર સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર, વેજલપુર વિસ્તારમાં રહેતા મયુર મહેતાએ ફેસબુક માર્કેટ પ્લેસ પર વાસણા સ્થિત શ્રેયશ એપાર્ટમેન્ટ, મકાન નંબર એફ/4ના વેચાણની જાહેરાત જોઈ હતી. આ જાહેરાત જોયા બાદ તેણે મિતેષ ધ્રુવનો ફોન દ્વારા સંપર્ક કર્યો હતો. રૂબરૂ મુલાકાત દરમિયાન મિતેષે જણાવ્યું કે આ મકાન તેની માતા ગીતાબેન ધ્રુવના નામે છે. આ પછી બંનેએ રૂપિયા 20,50,000માં મકાનની ડીલ કરી હતી. ત્યારબાદ મયુરે 15-6-2023ના રોજ બહાના પેટે 50,000 રૂપિયા ચૂકવ્યા હતા. આ પછી 14/10/2023 સુધીમાં ટુકડે ટુકડે ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા મિતેષના બેંક ખાતામાં બીજા 4,00,000 રૂપિયા ટ્રાન્સફર કર્યા હતાં.

આ પછી મકાન વેચનાર મિતેષે મકાન લેનારા મયુરને ફોન કરીને દિવાળી 2024 પહેલા બાકીના તમામ રૂપિયા પૂરા કરી દેવાનું જણાવ્યુ હતું. એ પછી મયુરે પોતાનું સરખેજવાળું મકાન વેચીને અને પીએફમાંથી રૂપિયા ઉપાડીને ઓગષ્ટ 2024માં 5,50,000 રૂપિયા મિતેષના ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. આમ મયુરે, મિતેષ ધ્રુવના બેન્ક ખાતામાં કુલ 10,00,000 રૂપિયા એડવાન્સ પેમેન્ટ તરીકે ચૂકવી દીધા હતા.

મયુરે બાકીના 10,50,000 રૂપિયા ચૂકવવા માટે પૂછ્યું અને બાનાખત મુજબ જરૂરી કાગળોની માંગણી કરી ત્યારે મિતેષે જુલાઈ 2025માં ડીલ પૂરી કરી કબજો આપતી વખતે જ કાગળો આપશે તેમ જણાવ્યું હતું. મુદત પૂરી થઈ ગયાના બે મહિના વીતી ગયા છતાં આરોપીઓએ કાગળો પણ આપ્યા નહીં અને બાકીની રકમ લેવા માટે નવો એકાઉન્ટ નંબર આપ્યો હતો. એટલું જ નહીં થોડાક સમય પછી મિતેષે ફોનથી મયુરને સ્પષ્ટ કહી દીધું હતું કે, હવે મકાન વેચાણ આપવાના નથી અને ફોન કે મેસેજ કરીને હેરાન કરે નહીં. જે બાદ મયુરે મિતેષ ધ્રુવ અને તેની માતા ગીતાબેન સામે છેતરપિંડીની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

### ગીરમાં આવતા પ્રવાસીઓને છેતરતો રાજસ્થાની ગઠિયો ઝડપાયો

# સિંહ સદન, જગન્નાથ મંદિર, શ્રી રામ આશ્રમની નકલી વેબસાઈટ બનાવી

## ટેકનોલોજીનો જાણકાર ગઠિયો પોતાનાં વતનમાં વેબ ડિઝાઈનિંગ, સોફ્ટવેર કોડિંગ અને એપ્લિકેશન બનાવતી ઇન્સ્ટિટયુટ ચલાવે છે

• જૂનાગઢ

સાસણ સિંહ સદનના રૂમ તથા જંગલ સફારીની નકલી વેબસાઈટ બનાવી અનેક લોકો સાથે છેતરપિંડી આચરનાર રાજસ્થાનના ગઠીયાને પોલીસે ઝડપી પાડયો છે. આ ગઠીયો સાસણ સિવાય જગન્નાથ મંદિર ટ્રસ્ટ, દિલ્હીના શ્રી રામ આશ્રમ, અન્ય આશ્રમો તથા હોટલોની ફેક વેબસાઈટ બનાવી અનેક લોકોને ખંખેરી લીધા છે. ૨૩ વર્ષિય ગઠીયો પોતે વેબડિઝાઈનીંગ, સોફટવેર કોડીંગ તેમજ એપ્લીકેશન શિખડાવતી ઈન્સ્ટીટયુટ ચલાવે છે.

થોડા દિવસ પહેલા મેંદરડા પોલીસ સ્ટેશનમાં સાસણના આરએફઓ યશ ઉમરાણીયાએ ફરિયાદ નોંધાવી હતી કે, સાસણ સ્થિત સરકારી સિંહ સદન ગેસ્ટહાઉસમાં કોઈ જાતની ઓનલાઈન બુકિંગ પ્રણાલી કે વેબસાઈટ અમલમાં નથી છતાં અજાણ્યા ઈસમે સાસણ આવવા માંગતા પ્રવાસીઓને છેતરવા માટે અસલી જેવી લાગતી વેબસાઈટ બનાવી ગેરકાયદેસર રીતે રૂમ બુકિંગ તથા સફારી બુકિંગ કરી તેના નાણાં ટ્રાન્સફર કરાવી લઈ નકલી રિસીપ્ટ ઈશ્યુ કરી પ્રવાસીઓ અને વન વિભાગ સાથે છેતરપિંડી કરી હતી.

આ અંગે મેંદરડા પોલીસ તથા એએસપી દ્વારા આઈપી ડિટેલ્સ તથા અન્ય ટેકનિકલ એનાલીસસના આધારે ફેક વેબસાઈટ મેવાત પ્રદેશના ડિગ જીલ્લાના રાજસ્થાન ખાતેથી ઓપરેટ થઈ રહી હોવાનું સામે આવ્યું હતું. બાદમાં આરોપીને શોધવા મેંદરડાની ટીમ ત્યાં પહોંચી રાશીદખાન અયુબખાન જાતે મેવ મુસ્લીમ(ઉ.વ.૨૩) રહે. કાબાન કા વાસ, ગઢી મેવાત, તા.જી. ડિગ, રાજસ્થાન વાળાને પકડી લીધો છે. આરોપી પાસેથી ગુનો આચરવા માટે ઉપયોગમાં લેતો બંને મોબાઈલ પણ કબ્જે લીધા છે.

આરોપી મોટાભાગે વ્હોટસએપ કોલિંગમાં જ વાત કરતો હતો. જિલ્લા પોલીસ વડાના જણાવ્યા મુજબ, અત્યાર સુધીમાં તેણે યુપી, મહારાષ્ટ્ર, બિહાર, દિલ્હી, તેલંગાણા, હરિયાણાના ૨૦ જેટલા પર્યટકો અને યાત્રિકો સાથે છેતરપિંડી કરી હોય તેવી સાયબર પોર્ટલ પર ફરિયાદ મળી છે. કેટલી-કેટલી રકમની છેતરપિંડી કરી છે, ક્યા બેંક એકાઉન્ટમાં તે રકમ જમા કરાવતો હતો, કુલ કેટલી રકમનું ફ્રોડ કર્યું છે તે અંગેની તપાસ માટે આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ શરૂ કરી છે.

આરોપી રશીદખાન સ્કૂલ ડ્રોપ આઉટ હોવા છતાં પોતાની જાતે જ પ્રેક્ટીસથી ટેકનોલોજી શીખી ટેકડો નામની વેબડિઝાઈનીંગ, સોફ્ટવેર કોડીંગ તેમજ એપ્લીકેશન શીખડાવતી ઈન્સ્ટીટયુટ પોતાના વતન ખાતે ચલાવે છે.

નકલી વેબસાઈટ બનાવી બોગસ નંબરથી વ્હોટસએપ કોલીંગનો ઉપયોગ કરી લોકોને પોતે તથા પોતાના સાગરીતો મારફત પોતાની વાતોની જાળમાં ફસાવી સાયકોલોજીકલ યુક્તિઓ વાપરી ઓનલાઈન ભાડે લીધેલા એકાઉન્ટમાં બુકિંગના નામે પૈસા લઈ રિસીપ્ટ આપતો હતો.

ગઠિયો નેતાં વતનની ભૌગોલિક પરિસ્થિતિનો ગુનો આચરવા માટે ઉપયોગ કરતો હતો આરોપી પોતાના વતનની ભૌગલીક પરિસ્થિતિઓનો ગુનો કરવા માટે ઉપયોગ કરે છે.

તેના અંતરયાળ ગામની નજીક આવેલા પહાડ, જંગલ, વાડી વિસ્તારમાં જઈ ત્યાંથી કોલીંગ કરી પોતાના ગુનામાં વપરાતો મોબાઈલ ફોન ત્યાં જ સંતાડી ગુનો આચરતો હતો. આ વિસ્તાર ખાતે રાજસ્થાન, હરિયાણા, ઉત્તરપ્રદેશ રાજ્યની બોર્ડર લાગતી હોવાથી પોલીસની ભીંસ વધતા અન્ય રાજ્યમાં પણ નાસી છુટવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે.

# આહવા શહીદ સ્મારક પરથી સૈનિકની પ્રતિમાના 'ટોપી' અને 'બંદૂક' ગાયબ

## આ બાબતને ગંભીરતાથી લઇને પોલીસ તપાસ શરૂ કરી દીધી

• આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલા શહીદ સ્મારક પર સ્થાપિત ભારતીય સેનાના જવાનની પ્રતિમા પરથી અજાણ્યા તત્વો દ્વારા તેમની ટોપી અને બંદૂક ગાયબ કરી દેવામાં આવતા સ્થાનિક લોકોમાં ચકચાર મચી જવા પામી છે. આ ઘટનાને પગલે રાષ્ટ્રપ્રેમી નાગરિકોમાં દુ:ખ અને રોષની લાગણી ફેલાઈ છે.

આ શહીદ સ્મારક ભારત માતાની રક્ષા કરતા શહીદ થયેલા બે સપૂતો સ્વ. શુકરીયા ભાઈ સોનિયાભાઈ ચૌધરી (લવચાલી) અને લક્ષ્મણભાઈ લાહનું પવાર (બરખાધિયા) ની યાદમાં ડાંગ જિલ્લા પંચાયત ના માજી પ્રમુખ સ્વ.રામુભાઈ ઠાકરે દ્વારા તા. 15.08.1977ના રોજ સ્થાપવામાં આવ્યું હતું. આ પવિત્ર સ્થળ દેશ માટે બલિદાન આપનાર વીરોની યાદ અપાવે છે. પ્રતિમાના મહત્ત્વપૂર્ણ ભાગોની ચોરી કે નુકસાનની આ ઘટના અંગેની જાણ સ્થાનિક જાગૃત નાગરિક હરીરામ સાવંતે તાત્કાલિક ટેલિફોનિક માધ્યમથી ડાંગના




પોલીસ ઈન્સ્પેક્ટર (PI) ને કરી હતી. જાણ થતાં જ PI દ્વારા સ્મારક સ્થળની તાત્કાલિક મુલાકાત લેવામાં આવી હતી અને આ અસામાજિક કૃત્ય અંગે જરૂરી તપાસના આદેશ આપવામાં આવ્યા છે. પોલીસે આ કૃત્ય કરનારા તત્વોને ઝડપી પાડવા માટે સઘન તપાસ શરૂ કરી દીધી છે. રાષ્ટ્રીય મહત્ત્વના સ્મારકની પ્રતિમા સાથે થયેલા આ દુર્ભાગ્યપૂર્ણ કૃત્યને લઈને પ્રશાસન પણ ગંભીર બન્યું છે.

# ચાણોદ રખડતા પશુઓ રાહદારીઓ માટે જોખમી

## રખડતા પશુઓ દ્વારા ભૂતકાળમાં હુમલાના બનાવો થયા

• મુકેશ ખત્રી ચાણોદ

થોડા દિવસ પહેલા વહેરાયમાત મંદિર પાસે કૂતરાએ અડધો ડઝન જેટલાં લોકો ને બચકાં ભરતા ઈન્જેકશન લેવાનો વારો આવ્યો હતો

ડભોઈ તાલુકાના તીર્થસ્થાન ચાણોદ ખાતે દિવસે દિવસે રખડતા પશુઓની સંખ્યા માં વધારો થઈ રહ્યો છે તેમાં પણ રખડતા આખલાઓ જોખમ રૂપ બન્યા છે ગમે ત્યાં ગમે ત્યારે એકબીજાને આખલાઓ સામસામે આવતાં એકબીજાને સિંઘડે ભૈરવી યુદ્ધ ચડતા જોવા મળે છે જેથી આસપાસ થી પસાર થતાં રાહદારીઓ એમને જોખમો ઊભું થઈ રહ્યું છે ભયના ઓથા વચ્ચે પસાર થવું પડે છે બીજી બાજુ ગાયોની પણ સંખ્યામાં વધારો થઈ રહ્યો છે રસ્તા પરથી પસાર જોખમરૂ ઊભા હોય છે શીંગડા મારવાની બીક વચ્ચે પસાર થવું હોય છે આવી જ રીતે છુટા રખડતા ગધેડાઓ પણ ઉભા રોડે લાતંલાતિ કરતાં એક બીજા પાછળ દોડાદોડી કરતા રસ્તે આવતાં જતાં લોકોને મુશ્કેલી રૂપ ગભડાવી દે એવી હાલત વચ્ચે પસાર થવું પડે છે . આ સાથે રખડતા કુતરાઓની સંખ્યા માં પણ મોટો વધારો થયેલ જોવા મળે છે કુતરાઓના ટોળેટોળા જોવા મળે છે એકબીજા વચ્ચે લડતાં પણ હોય છે થોડા સમય પહેલા ચાણોદના મુખ્ય બજાર પાસે આવેલ વેરાઈ માતા મંદિર પાસે રખડતા કૂતરાએ પાંચ થી સાત જણાને બસકા ભરી લીધા જેમાં કેટલાક બહારથી આવતા યાત્રિકો તેમજ વેરાઈ માતા વિસ્તારના જીતુભાઈ પટેલ સાહીત અન્ય એક ચાણોદના વ્યક્તિ અકૅશભાઈ ને પણ કુતરાએ બચકું ભરેલ હોય જો એ ઈન્જેક્શન લેવાનો વારો આવ્યો છે ત્યારે ચાણોદ પંચાયત દ્વારા આવાં રખડતાં ઢોર ગધેડાઓ કુતરાઓ સામે અસરકારક પગલાં ભરે એ જરૂરી છે અત્યારે ઉલ્લેખીએ છીએ કે ભૂતકાળમાં ગાયો એ સ્થાનિક પર યાત્રીકો પર હુમલા કરી ગંભીર ઈજાના બનાવો બની ચૂક્યા છે તેમ છતાં કોઈ અસરકારક કામગીરી પંચાયતની જણાતી ન હોય તેઓ લોકસૂર જોવા મળી રહ્યો છે

# ગટરના ખાડામાં વાહન સાથે ખાબકતા આધેડનું કરુણ મોત

• અમદાવાદ

સરદારનગરમાં નોબલનગર પાસે ગટરના ઢાંકણાના ખાડામાં એક્ટિવા સાથે ખાબકતાં આધેડનું મોત થયું હતું. ગટરનું ઢાકણું બદલ્યા બાદ ખાડા અંગે સ્થાનિક લોકોએ અવાર નવાર અરજીઓ આપી હતી છતાં મ્યુનિસિપલ કોર્પોરેશને ખાડાની આજુબાજુ બેરીકેટ કે ભયનું બોર્ડ ન લગાડીને બેદરકારી દાખવી હતી.

કુબેરનગર એ વોર્ડમાં રહેતા આધેડ તા.૨૬ના રોજ રાતના સમયે વાહન લઈને સરદાનગર વિસ્તારમાં નોબલનગર નજીક આસારામ આશ્રમ પાસેથી વાહન લઈને પસાર થતા હતા. આ સમયે રોડની વચ્ચે ગટરના ઢાંકણા ઉપર ખાડો પડેલો હતો. અંધારામાં ખાડો દેખાયો ન હતો જેથી તેઓ મોપેડ સાથે ખાડામાં પડયા હતા.

તેઓને માથા સહિત શરીરે ગંભીર ઈજાઓ થતાં બેભાન હાલતમાં સિવિલમાં આઈસીયુંમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન મોત થયું હતું.

ટ્રાફિક જી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ, વી.ડી. વાઘેલાના જણાવ્યા મુજબ આ ખાડા બાબતે સ્થાનિક લોકોએ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અવાર નવાર અરજીઓ કરીને રજુઆત કરી હતી તેમ છતાં કોર્પોરેનશ તંત્ર દ્વારા જરુરી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. અકસ્માતના બનાવનો વિડિયો સોશિયલ મિડિયામાં વાયરલ થતાં ટ્રાફિક પોલીસે જાણવા જોગ નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# તલાટી મંત્રી શ્રી કલ્પેશભાઈ ભટ્ટે રક્તદાન કરી પોતાની નિવૃત્તિ ઉજવી

• ભાવનગર

ભાવનગર જિલ્લાના તલાટી કમ મંત્રી અને છેલ્લે સર્કલ ઈન્સ્પેક્ટર ભાવનગર તાલુકાની જવાબદારી વહન કરતા શ્રી કલ્પેશભાઈ ભટ્ટ તારીખ 30- 11- 2025 ના રોજ નિવૃત્ત થયા. કલ્પેશભાઈએ પોતાના કાર્યકાળની યાત્રા તને 1991 થી શરૂ કરી હતી અને તલાટી મંત્રી તરીકે તેમને પોતાની કારકિર્દી દરમિયાન અંતિમ માણસને મદદ કરવાની સતત ખેવના રાખી છે. ક્યાંક અસત્યની સામે ઝંડો લેવાની પણ જરૂર પડી ત્યારે પોતાનો હાથ જરૂર ઊંચો કર્યો છે. તેથી તેઓ કોઈ ઝાકઝમાળ, સમારંભ વગર સંપૂર્ણ સાદગીપૂર્વક કોઈ અપેક્ષા વગર નિવૃત્તિનો છેલ્લો દિવસ પૂરો કરીને કચેરીના પગથિયાઓ ઉતરી ગયાં હતા. પરંતુ તેનામાં બેઠેલો એક માહ્યલો સતત એવું કહેતો હતો કે આપણે બીજા માટે શું મદદ કરી શકીએ? તેથી તેમણે આ નિવૃત્તિના છેલ્લા દિવસને રક્તદાન કરીને થેલેસેમિયા ગ્રસ્ત બાળકોના જીવનમાં દિપજ્યોતિ બનવાનું કામ કર્યું છે.

પંચાયત, મહેસુલ વગેરેના અનેક કર્મચારીઓ મંડળોએ પણ તેમને તેમની આ કામગીરીને બિરદાવી અને નિવૃત્તિની શુભકામનાઓ વ્યક્ત કરી છે.




આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI